RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 79* Date: 14.01.2021 Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## આરોગ્ય મંત્રાલયે કોરોના વેક્સિનેશન વચ્ચે પોલિયો રસીકરણ અભિયાન સ્થગિત કર્યું

ન્યુ દિલ્હી,તા.૧૩

શમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વેક્સિનેશન અભિયાન શરુ થવા જઇ રહ્યું છે. જેની અસર હવે દેશમાં ચાલતા અન્ય રસીકરણ અભિયાનો ઉપર થઇ રહી છે. કોરોના વેક્સિનેશનના કારણે સ્વાસ્થ્ય મંત્રાલયે પોલિયો અભિયાનને સ્થગિત કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. ૧૭ જાન્યુઆરીએ દેશભરમાં પોલિયો રસીકરણ દિવસની ઉજવણી થવાની હતી, જેને આગલા આદેશ સુધી સ્થગિત કરવામાં આવ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બુધવારે આ વાતની માહિતિ આપવામાં આવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે આકસ્મિક ગતિવિધિઓના કારણે પોલિયો અભિયાન સ્થગિત કરવનાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પોલિયો અભિયાન માટે જે ટીમો કામ કરે છે તે ટીમો હવે કોરોના વેક્સિનેશન માટે કામ કરશે. ઉલ્લેખનીય છે કે ભારતમાં મોટા પ્રમાણમાં પોલિયો રસીકરણ અભિયાન ચલાવવામાં આવે છે. જેના કારણે ભારત ૨૭ માર્ચ ૨૦૧૪ના દિવસે જ પોલિયો મુક્ત બન્યો હતો. ત્યારબાદ પણ સાવધાનીના ભાગરુપે પોલિયો રસીકરણ શરુ રાખવામાં આવ્યું છે. જેથી કોઇ બાળક પોલિયોનો શિકાર ના બને. દર વર્ષે લાખો બાળકોને પોલીયોની રસી આપવામાં આવે છે. ભારત દુનિયાનું સૌથી મોટું પોલિયો અભિયાન ચલાવે છે. ત્યારે હાલ પુરતી તેના પર રોક લગાવવામાં આવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આગલા આદેશ સુધી તેને સ્થગિત કરવામાં આવ્યું છે.

### ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થતા ઇંધણના ભાવ ભડકે બળ્યા

## તેલ કા ખેલ:પેટ્રોલ મુંબઇમાં ૯૧,ગુજરાતમાં ૮૨ના રેકોર્ડ સ્તરે



### દિલ્હીમાં પેટ્રોલ ૮૪.૪૫ અને ડિઝલ ૭૪.૬૩ના સ્તરે પહોંચ્યું, અમદાવાદમાં ડિઝલના ભાવમાં ૨૭ પૈસાનો વધારો થતા ૮૦.૪૫ની ટોચે

મુંબઇ,તા.૧૩

દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં બુધવારે ફરી વધારો કરવામાં આવ્યો છે. બંનેના ભાવમાં લિટર દીઠ ૨૫ પૈસાનો વધારો થયો છે. દેશની આર્થિક રાજધાની મુંબઈમાં પેટ્રોલ લીટરદીઠ ૯૧ રૂપિયાને પાર કરી ગયું છે. દિલ્હીમાં બુધવારે પેટ્રોલ ૮૪.૪૫ રૂપિયા અને ડીઝલ ૭૪.૬૩ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. છેલ્લા પાંચ દિવસથી ઇંધણના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો, પરંતુ આજે બંને ઇંધણના ભાવમાં ૨૫-૨૫ પૈસા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા ૧૦ મહિનામાં પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ ૧૪ રૂપિયાથી વધુનો વધારો થયો છે. આજે ગુજરાતમાં પણ પેટ્રોલના ભાવમાં વધારો થયો છે. તેમાં અમદાવાદમાં પેટ્રોલ ૨૪ પૈસા વધીને ૮૧.૯૦ રૂપિયા પ્રતિ લિટરે પહોંચ્યો છે. જ્યારે ડિઝલમાં ૨૭ પૈસાનો વધારો થતા ૮૦.૪૫ના સ્તરે પહોંચ્યું છે.

આ વધારા પછી, દિલ્હીમાં પેટ્રોલ ૮૪.૪૫ અને ડીઝલ ૭૪.૬૩ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે, અને મુંબઈમાં પેટ્રોલ ૯૧.૦૭ રૂપિયા અને ડીઝલ ૮૧.૩૪ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. આ જ રીતે કોલકાતામાં પણ પેટ્રોલ ૮૫.૯૨ રૂપિયા અને ડીઝલ ૭૮.૨૨ રૂપિયા અને ચેન્નઈમાં પેટ્રોલ ૮૭.૧૮ રૂપિયા અને ડીઝલ ૭૯.૯૫ રૂપિયા પર પહોંચી ગયું છે. નોઈડામાં પેટ્રોલ ૮૪.૨૫ રૂપિયા અને ડીઝલ ૭૫.૦૭ રૂપિયા પર પહોંચી ગયું છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાને લીધે મોંઘવારી વધવાની સંભાવના છે. નોંધપાત્ર વાત એ છે કે ક્રૂડ ઓઈલનો ભાવ સતત વધી રહ્યો છે. મંગળવારે ન્યુ યોર્ક ક્રૂડ એક્સચેંજ પર ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો. સિંગાપોરમાં આજે સવારે કારોબારની શરૂઆતમાં ડબ્લ્યુટીઆઈ ક્રૂડના ભાવમાં થોડો વધારો જોવાયો હતો. બ્રેન્ટ ક્રૂડની કિંમત ઝડપી છે, તે બેરલ દીઠ ૫૬ ડોલરની આસપાસ કારોબાર કરી રહ્યો છે. જોકે, ભારતીય બાસ્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવની અસર એક મહિના પછી જોવા મળે છે. પરંતુ ગત એક મહિનાથી ક્રૂડ ઓઈલ મજબૂત બની રહ્યું છે.

વિદેશી કરન્સી દરોની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ શું છે, તેના આધારે રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એકસાઇઝ ડ્યૂટી, ડીલર કમીશન અને અન્ય ચીજો જોડ્યા બાદ આ ભાવ લગભગ બે ગણા થઈ જાય છે. નોંધનીય છે કે રોજ સવારે ૬ વાગ્યે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. સવારે ૬ વાગ્યાથી જ નવા દર લાગુ થઈ જાય છે.

### દિલ્હીમાં ૧૮ જાન્યુઆરીથી ધો.૧૦-૧૨ની સ્કૂલો ખૂલશે

## દિલ્હીવાસીઓને કોરોના રસી મફતમાં અપાશે: કેજરીવાલની જાહેરાત



ન્યુ દિલ્હી,તા.૧૩

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી છે કે, જો કેન્દ્ર સરકાર કોરોના રસી મફત નહીં આપે, તો અમે દિલ્હીવાસીઓને કોરોના રસી મફત લગાવરાવીશું. કેજરીવાલે કહ્યું છે કે જો આવું થાય, તો દિલ્હી સરકાર તેના ખર્ચે લોકોને મફત રસી આપશે. દિલ્હીના સીએમ કેજરીવાલે કહ્યું કે હું લોકોને અપીલ કરું છું કે કોરોના રસી વિશે ખોટી માહિતી ફેલાવવી નહીં.

તેમણે કહ્યું- મેં કેન્દ્ર સરકારને અપીલ કરી હતી કે દરેકને નિઃશુલ્ક કોરોના રસી આપવામાં આવે. જો કેન્દ્ર સરકાર આમ નહીં કરે અને જરૂરિયાત પડશે તો દિલ્હીના લોકોને નિઃશુલ્ક કોરોના રસી આપવામાં આવશે. અરવિંદ કેજરીવાલ ડો. હિતેશ ગુપ્તાના પરિવારને મળવા આવ્યા હતા, જેમણે કોરોના ફરજ દરમિયાન જીવ ગુમાવ્યો હતો. અહીં તેમણે કહ્યું- “અમે કોરોના લડવૈયાઓને પ્રોત્સાહિત કરવા માટેની યોજના શરૂ કરી હતી અને આ હેઠળ હું તેમના પરિવારને ૧ કરોડ રૂપિયાની સહાય આપવા આવ્યો છું. દિલ્હી સરકારે બોર્ડ પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને ૧૦ મહિના પછી ૧૮ જાન્યુઆરીથી ૧૦ અને ૧૨ ધોરણ સુધીની સ્કૂલ ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જાહેર આદેશ મુજબ પેરેન્ટ્સની અનુમતિ પછી જ વિદ્યાર્થીઓ સ્કૂલે આવી શકશે. સ્ટૂડન્ટ્સે સ્કૂલ જવું અનિવાર્ય નહીં હોય. કેજરીવાલે કહ્યું કે, “તેમની (ડૉ. હિતેશ ગુપ્તા) પત્ની શિક્ષિત છે અને અમે તેમને દિલ્હી સરકારમાં નોકરી આપીશું.” રાજધાની દિલ્હીમાં કોરોના રસી લાવવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. કોરોના રસી ‘કોવિશીલ્ડ’નો પહેલો જથ્થો પણ દિલ્હી પહોંચી ગયો છે. લોકોને રસી આપવાનું કામ ૧૬ જાન્યુઆરી એટલે કે શનિવારથી શરૂ થશે. આ રસી સૌ પ્રથમ હેલ્થ વર્કર્સને આપવામાં આવશે. સીએમ કેજરીવાલ દિલ્હીની એલએનજેપી હોસ્પિટલથી રસીકરણ કાર્યક્રમની શરૂઆત કરશે.

## ફેસબુક-ટ્વિટર બાદ Youtube એ ટ્રમ્પનું એકાઉન્ટ બ્લોક કર્યું

વોશિંગ્ટન,તા.૧૩

ગૂગલે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું યુ-ટ્યૂબ એકાઉન્ટ બ્લોક કરી દીધું છે. આ ડોનાલ્ડ ટ્રમ્પનું ઑફિશિયલ એકાઉન્ટ છે. છેલ્લા કેટલાક દિવસથી ફેસબુક અને ટ્વિટરે પણ ટ્રમ્પનું એકાઉન્ટ બેન કરી દીધું છે. જો કે ટ્વિટરે તેમનું એકાઉન્ટ રિસ્ટોર કરી દીધું છે, પરંતુ તેમને ચેતવણી આપી છે. ચેતવણી એ હતી કે જો બાદમાં પોલિસીનું ઉલ્લંઘન થયું તો એકાઉન્ટ હંમેશા માટે બેન કરી દેવામાં આવશે. જો કે ફેસબુકે અનિશ્ચિતકાળ માટે ટ્રમ્પનું એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધું છે.

યુ-ટ્યૂબથી ડોનાલ્ડ ટ્રમ્પની ઑફિશિયલ ચેનલ બેન કરી દેવામાં આવી છે અવે ઓછામાં ઓછા ૭ દિવસ સુધી ટ્રમ્પની યુ-ટ્યૂબ ચેનલથી કૉન્ટેંટ અપલોડ નહીં થઈ શકે. ડોનાલ્ડ ટ્રમ્પના એકાઉન્ટથી ભલે નવા વિડીયો અપલોડ ના થાય, પરંતુ પહેલાના વિડીયો જોવા મળી શકે છે. યુ-ટ્યૂબએ જો કે જૂના વિડીયોમાંથી પણ કૉમેન્ટનું ઑપ્શન હટાવી દીધું છે. યુએસ કેપિટલમાં હિંસા ભડકાવવા માટે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા કેટલાક સમયથી વિવાદમાં રહ્યા છે.

ગૂગલે ટ્વીટ કર્યું છે કે, નીતિના ઉલ્લંઘન અને શક્ય હિંસાને ધ્યાનમાં રાખીને, ડોનાલ્ડ ટ્રમ્પનું એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે અને નવી સામગ્રી હવે અપલોડ કરવામાં આવશે નહીં. નોંધપાત્ર વાત એ છે કે નાગરિક અધિકાર જૂથોએ ગૂગલને ડોનાલ્ડ ટ્રમ્પના યુટ્યુબ એકાઉન્ટને સ્થગિત કરવા જણાવ્યું હતું. આમ કરવામાં નિષ્ફળ થતાં, નાગરિક અધિકાર જૂથોએ યુટ્યુબને વિશ્વવ્યાપી બૉયકૉટની ધમકી પણ આપી હતી.

તમને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પના યુટ્યુબ પર લગભગ ૩૦ મિલિયન સબ્સ્ક્રાઈબર્સ છે. યુ-ટ્યૂબએ ના ફક્ત ટ્રમ્પનું એકાઉન્ટ બેન કર્યું છે, પરંતુ ટ્રમ્પની યુ-ટ્યૂબ ચેનલથી તમામ વિડીયો પર કૉમેન્ટ પણ બંધ કરી દીધી છે. આ હિંસાના સંકટને જોતા કરવામાં આવ્યું છે.

### કો-વિન એપ પણ લોન્ચ કરશે

## વડાપ્રધાન મોદી ૧૬ જાન્યુઆરીથી રસીકરણ અભિયાન શરુ કરશે

ન્યુ દિલ્હી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ જાન્યુઆરીના દેશમાં કોરોના વેક્સિનેશનનું મહાઅભિયાનની શરૂઆત કરવાના છે. આ સાથે પીએમ મોદી દ્વારા કો-વિન એપને પણ લૉન્ચ કરવામાં આવશે. દેશમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વાયરસની વિરુદ્ધ રસીકરણનું મહાભિયાન શરૂ થવા જઈ રહ્યું છે. સૂત્રોનું માનીએ તો પીએમ મોદી આ અભિયાનને વર્ચુઅલ રીતે શરૂ કરી શકે છે. આ સમયગાળા દરમિયાન દેશના જુદા જુદા રાજ્યોમાં એક સાથે રસીકરણ શરૂ કરવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે જેમને કોરોના રસી આપવામાં આવશે, તેમને બે ડોઝ આપવાના છે. દરેક વ્યક્તિએ પોતાની નોંધણી કરાવી લેવાની રહેશે, આ પછી તારીખ, સ્થાન અને અન્ય માહિતી કો-વિન એપ્લિકેશન દ્વારા આવશે. બંને ડોઝ પછી, પ્રમાણપત્ર પણ વ્યક્તિના ફોન પર આવશે. જો રાજધાની દિલ્હીની વાત કરીએ તો લોકનારાયણ જય પ્રકાશ હોસ્પિટલમાં રસીકરણનું અભિયાન શરૂ થશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આ કાર્યક્રમમાં ભાગ લઈ શકે છે.

આ ઉપરાંત રાજીવ ગાંધી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં પણ અભિયાન શરૂ કરવામાં આવશે, જ્યાં કોરોના રસીનો સંગ્રહ કરવામાં આવ્યો છે. નોંધપાત્ર વાત એ છે કે દેશમાં બે રસી કોવિશીલ્ડ અને કોવેક્સિનને મંજૂરી આપવામાં આવી છે. જેનો પુરવઠો ભૂતકાળમાં શરૂ કરવામાં આવ્યો હતો અને હવે આ રસી દેશના દરેક રાજ્યમાં આપવામાં આવી રહી છે. ભારતમાં અનેક ચરણોમાં વેક્સિનેશનનું કામ થવાનું છે, જેની શરૂઆત ૧૬ જાન્યુઆરીથી શરૂ થઈ રહી છે.

અત્યારે ૩ કરોડ કોરોના વોરિયર્સને રસી આપવામાં આવશે. જે પછી, ફ્રન્ટલાઈન કામદારો, ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને અને ગંભીર બીમારીવાળા લોકોને આપવામાં આવશે. દિલ્હી સહિત અન્ય રાજ્યોમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટની કોવિશીલ્ડ ઉપરાંત, ભારત બાયોટેકની કોવેક્સિનની સપ્લાય પણ શરૂ થઈ ગઈ છે.

## જમ્મુ-કાશમીરના કઠુઆમાં આતંકીઓની ચાલ નિષ્ફળઃ સેનાએ સુરંગનો પર્દાફાશ કર્યો

કઠુઆ,તા.૧૩

સીમા સુરક્ષા દળને કઠુઆના હીરાનગર સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પાસે એક સુરંગ મળી છે. આંતરરાષ્ટ્રીય સરહદ પર સુરંગ મળવાના કારણે પાકિસ્તાનના વધારે એક ષડયંત્રની પોલ ખુલી છે. આ સુરંગનો ઉપયોગ આતંકીઓને ભારતમાં મોકલવા માટે થતો હતો.

અધિકારીઓએ કહ્યું કે બીએસએફના જવાનોએ જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય બોર્ડર પાસે એક સુરંગ શોધી છે. એક અભિયાન દરમિયાન સવારે બોબિયા ગામની અંદર બેસએફના જવાનો દ્વારા આતંકીઓની ઘૂસણખોરી માટે વપરાતી અને સીમાપાર સુધી લંબાયેલી સુરંગને શોધી છે. સેનાના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળ પર પહોંચ્યા છે.

મળતી માહિતિ પ્રમાણે સુરંગની લંબાઇ લગભગ ૧૫૦ મીટર છે. સાથે જ સુરંગની અંદરથી સિમેન્ટની બોરીઓ મળી છે. જે પાકિસ્તાનની કરાંચીમાં બનેલી છે. પાકિસ્તાનની સૈન્ય ચોકીની બરાબર સામે આ સુરંગ ખોદવામાં આવી છે. બીએસએફને સાંબા વિસ્તારમાં સુરંગ હોવાના ઈનપુટ મળ્યા હતા. જેને ધ્યાને લઇને બીએસફની એક સ્પેશિયલ ટીમ દ્વારા સર્ચ ઓપરેશન ચલાવાયું જેમાં આ સુરંગ મળી આવી છે. આ સુરંગના મોઢાને સિમેન્ટની બોરીઓ વડે બંધ કરવામાં આવ્યું હતું. આ પહેલા પણ ગયા વરેષ ઓગષ્ટ મહિનામાં આ જ વિસ્તારમાં એક સુરંગ મળી હતા. તેમાંથી પણ પાકિસ્તાની બોરીઓ મળી હતી. આ વખતે પણ તેવી જ સુરંગ મળી છે. ઉલ્લેખનીય છે કે હાલમાં જ એક રિપોર્ટ આવ્યો હતો કે સીમાપાર ભારતમાં ઘૂસણખોરૂ કરવા માટે ૪૦૦ આતંકીઓ તૈયાર બેઠા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૫૮૩

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૫૩૭૪૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૪

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૭૯૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૪૨૧૬૪

## ૩૧ જાન્યુઆરી સુધીમાં આંગણવાડી સેવા શરુ કરવા સુપ્રીમનો રાજ્યોને આદેશ

ન્યુ દિલ્હી,તા.૧૩

કોરોના મહામારીના ફેલા બાદ દેશમાં માર્ચ મહિનામાં લોકડાઉન લાગુ થયુ હતું ત્યારથી શાળઆ કોલેજોની સાથે આંગણવાડીઓ પણ બંધ થઇ હતી. ત્યારે દસ મહિના સમય બાદ વિવિધ રાજ્ય સરકારો દ્વારા તબક્કાવાર શાળા અને કોલેજો ખોલવાની શરુઆત થઇ છે. જો કે દેશભરની આંગણવાડીઓ હજુ પણ બંધ જ છે. ત્યારે હવે સુપ્રીમ કોર્ટ દ્વારા આ અંગે આદેશ આપવામાં આવ્યો છે. સુપરીમ કોર્ટ દ્વારા તમામ રાજ્ય સરકારો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોને આદેશ આપવામાં આવ્યો છે કે આ મહિનાના અંત સુધીમાં અટલે કે ૩૧ જાન્યુઆરી સુધીમાં આંગણવાડી સેવાઓ શરુ કરવા અંગે નિર્ણય કરવામાં આવે. જે વિસ્તાર કોરોના કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવે છે તેમને આ આદેશમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

દસ મહિનાથી બંધ આંગણવાડીને લઇને સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી, જેમાં આંગણવાડીઓને ફરીથી શરુ કરવાની વાત કરવામાં આવી હતી. અરજીની અંદર કોરોનાના કારણે ૧૪ લાખ આંગણવાડીઓ બંધ હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે બાળકો અને માતાઓને પોષણક્ષમ આહાર મળવામાં મુશ્કેલી થઇ રહી છે.

ઉલ્લેખનીય છે કે આંગણવાડીના માધ્યમથી શૂન્યથી છ વર્ષના બાળકો અને ગર્ભવતી મહિલાઓને સૂકુ રાશન આપવામાં આવે છે. ત્યારે સુપ્રીમ કોર્ટે આ અરજીની સુનવણીમાં તમામ રાજ્ય સરકારોને નિર્ણય લેવા માટે આદેશ આપ્યો છે.

**આાવતીકાલ તા.૧૪-૦૧-૨૦૨૧ના રોજ ઉત્તરાયણ હોવાથી ગુજરાતી ન્યૂઝ પેપર “ન્યુઝ ઓફ ગાંધીનગર” રજા પાળશે. જેથી તા.૧૫-૦૧-૨૦૨૧ના રોજનો અંક પ્રસિદ્ધ થશે નહી. જેની વાચક મિત્રોએ ખાસ નોંધ લેવી.**

## તંત્રી સ્થાનેથી...

### વિવિધ કંપનીઓ કરતાં દેશમાં સૌથી સસ્તી કોરોના વેક્સિન દેશની સીરમ ઇન્સ્ટીટ્યુટની....!

કોરોનાને નાથવાની વેક્સિન આપવા માટે સરકારે કરેલા આયોજન અનુસાર દેશના નક્કી કરેલા મથકો પર લગભગ પહોંચી ગઈ છે. તે સાથે કેન્દ્ર તથા રાજ્યના આરોગ્ય તંત્ર દ્વારા વેક્સિન આપવા બાબતે સતત બાજનજર રાખી તૈયાર બેઠા છે. દેશભરમાં કોરોના રસીની કિંમત બાબતે ભારે સવાલી ચર્ચાઓ ચાલી રહી હતી. ત્યારે વડાપ્રધાન મોદીજીએ જાહેરાત કરી કે સીરમની રસીની કિંમત એક ડોઝના રૂપિયા ૨૦૦ નક્કી કરવામાં આવી છે અને બે ડોઝની કિંમત રૂપિયા ૪૦૦ થશે. આ રસીના બે ડોઝ ૨૮ દિવસના અંતરે લેવાના હોય છે. દેશભરમાં કેન્દ્ર સરકારે ત્રણ કરોડ લોકોને પ્રથમ તબક્કે રસી આપવાનું આયોજન કરેલ છે. જેમાં કોરોના દર્દીઓની સારવારમાં અને સેવામાં જોડાયેલા ડોક્ટર્સો,મેડીકલ સ્ટાફ,પોલીસ, સફાઈ કર્મચારીઓ અને ૫૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકોનો સમાવેશ થાય છે. દેશમાં પૂણે ખાતે આવેલી સીરમ ઈન્સ્ટિટ્યુટ ભારત સરકારને ફક્ત એક ડોઝ રૂપિયા ૨૦૦ ની કિંમતમા કોરોના રસી પૂરી પાડનાર છે. દેશ ભરમા જ્યારે કોરોના વાયરસે રાક્ષસી સ્વરૂપ બતાવ્યું હતું ત્યારે મેડિકલ માર્કેટમાં ખાનગી રાહે કોરોના વેક્સિન રૂપિયા ૧૦,૦૦૦ થી ૪૦ હજારમાં વેચાતી હતી તે સમયે સરકારી તંત્રએ કેટલાક કાળાબજારિયા અને વેક્સિન ચોરી કરનારને પકડી પાડયા હતા. આજે બજારોમાં ખુલ્લેઆમ વિવિધ કંપનીઓની કોરોના વેક્સિન મળી રહી છે તેના એક ડોઝના ભાવ જોઈએ તો સિરમ ઇન્સ્ટિટ્યૂટના બજાર ભાવ રૂપિયા ૨૧૦/- એક ડોઝના છે,સ્પુટનિક ફાઈવના રૂપિયા ૭૩૪/- જોનસન એન્ડ જોનસનની રસીના રૂપિયા ૭૩૪/- સિનોવેક રસીના રૂ.૧૦૨૭/-,ફાઈઝર રસીના રૂપિયા ૧૪૩૧/-,નોવાવેક્સ રસીના રક.૧૧૧૪/- અને મોડેર્ના રસીના ના રૂપિયા ૨૩૪૮/- કિંમત ચાલે છે જ્યારેક આપણા દેશની સીરમ ઈન્સ્ટિટ્યુટ સૌથી ઓછી કિંમતમા વેચે છે.....!

કોરોના મહામારી સમયમાં માસ્ક, સેનેટાઇઝર અને કોવિડ ૧૯ નો ભોગ બનનારાઓ માટે પીટીસી કીટ સહિતની મેડિકલ સુરક્ષાના સામાનનો મોટા પ્રમાણમાં ઉપયોગ થયો હતો. તેમાં સૌથી વધુ બાયોમેડીકલ વેસ્ટનુ ઉત્સર્જન થયેલ.જે અંગે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાંથી પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર દેશમાં છેલ્લા સાત મહિનામાં આશરે ૩૩ હજાર ટન કોવિડ ૧૯ ના બાયોમેડીકલ વેસ્ટનું ઉત્સર્જન કરવામાં આવેલ. જેમાં ઓક્ટોબર માસમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૫૫૦૦ ટનથી વધુ કોરોના વેસ્ટનુ ઉત્સર્જન થયેલ. બોર્ડના ડેટા અનુસાર એકલા મહારાષ્ટ્રનો મેડિકલ વેસ્ટનો ફાળો ૩૫૮૭ ટન રહ્યો હતો. વર્ષ ૨૦૨૦ ના જૂન મહિનાથી દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ ૩૨,૯૯૪ ટન કોવિડ ૧૯ બાયોમેડિકલ વેસ્ટનુ ઉત્સર્જન કર્યું હતું. દેશમાં હાલમાં સમયમાં ૧૯૮ જેટલા સામાન્ય બાયોમેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસિલિટીઝ દ્વારા હાલના સમયમા એકઠો કરવામાં આવતા મેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. કોરોના ૧૯ બાયોમેડિકલ વેસ્ટ માં માસ્ક,પીપીઈ કિટ્સ, શરૂ કવર્સ, ગ્લ્ઝ, હ્યુમન ટિસ્યુઝ, ડ્રેસિંગમાં વપરાતી વસ્તુઓ પ્લાસ્ટર કાસ્ટ, કોટન સ્વેબ્સ,નીડલ્સ,સિરીન્જસ સહિતની વસ્તુઓનો સમાવેશ થાય છે.... આનો સીધો મતલબ એ છે કે એક મહામારી અનેક બાબતો સાથે લઈને આવે છે અને તેમાં પણ જો બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ ન થાય તો.....? વેસ્ટના ગંજ ખડકાવા સાથે મહામારી જાયન્ટ બની રહે......!!

# પ્રાસંગિક લેખ

## પતંગનું વિશ્વ અને વિશ્વના પતંગોનો અનોખો પતંગનો ઈતિહાસ

મકરસંક્રાંતિ એ ભારતનો કૃષક તહેવાર ગણાય છે. ભારત અને એશિયાનાં અન્ય દેશોમાં પણ આ દિવસને પાકની લણણી સાથે જોડવામાં આવ્યો છે.

પતંગનો ઈતિહાસ એટલો જ પૌરાણિક છે જેટલો આપણા કેલેન્ડરનો ઈતિહાસ છે. પતંગ હજારો વર્ષની સફર કરીને આજે અહીં પહોંચ્યો છે. પતંગનો ઈતિહાસ ઈસુ પૂર્વેનો છે. કેટલાક ધર્મશાસ્ત્રીઓના મતે પતંગનું અસ્તિત્વ મહાભારત તથા રામાયણ કાળમાં પણ હતું. 'અમરકોશ' જેવા પ્રાચીન ગ્રંથમાં પતંગનો ઉલ્લેખ જોવા મળે છે તો બીજી તરફ પશ્ચિમના ઈતિહાસકારો પતંગની શોધને મોહેં-જો-દરો અને હડપ્પાની સિંધુ સંસ્કૃતિના મળી આવેલા અવશેષો સાથે સરખાવે છે. સિંધુ સંસ્કૃતિના મળી આવેલા અવશેષોમાં અમુક ચિત્રલિપિમાં પતંગની આકૃતિ જોવા મળી હતી.

ઉત્સવોના દેશ ભારતમાં અનેક તહેવારો ઉત્સાહથી ઊજવાય છે. વર્ષની શરૂઆતમાં જ ઉત્તરાયણમાં હજારો પતંગો ઉડાડીને લોકો નવા વર્ષનો આ પહેલો તહેવાર ધામધૂમથી રંગેચંગે ઊજવે છે. પતંગ સાથે કંઈકેટલાંય રસપ્રદ તથ્યો જોડાયેલા છે, તો કેટલાંક રેકોર્ડ્સ પણ પતંગના નામે બોલે છે. પતંગ આમ તો મનોરંજનનું સાધન ગણાય છે, પણ હવે પતંગે વ્યાવસાયિક રૂપ લઈ લીધું છે. આગ્રા, બરેલી, ભોપાલ, અલાહાબાદ, બીકાનેર, ગુજરાત સિવાય ઘણી જગ્યાએ પતંગની ક્લબ બની છે કે જ્યાં પતંગની ટૂર્નૉમેન્ટ યોજાય છે. પતંગઘેલાં ગુજરાતી -દર વર્ષે ઉત્તરાયણ વખતે ગુજરાતમાં અમદાવાદમાં શહેરમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન થાય છે. -એક અંદાજ મુજબ દર વર્ષે ઉત્તરાયણના દિવસે ફકત ગુજરાતમાં જ અંદાજે સાતથી આઠ કરોડના પતંગો ઉડે છે. -ગુજરાતનો પતંગ મહોત્સવ વિશ્વભરમાં ખ્યાતિ પામ્યો છે. પતંગના નામે બોલાતા રસપ્રદ રેકોર્ડસ -જાપાનના એક પતંગપ્રેમીએ એક જ દોરી ઉપર પાંચ હજાર કરતાં પણ વધારે પતંગ ચગાવ્યા હતા. -એક જ દોરી ઉપર ૧૧,૨૮૪ પતંગો ઉડ્યા હોય એવું પણ બન્યું છે. આ રેકોર્ડ જાપાનીઝ સ્કૂલના બાળકોના નામે છે. -વિશ્વમાં સૌથી લાંબો પતંગ ૧૦૩૪ મીટરનો છે. પતંગની સૌથી વધુ સ્પીડ કલાકના ૧૯૩ કિ.મી.ની નોંધાયેલી છે. -ફ્રાંસના માઈકલ ગ્રેસીયર નામના માણસે કાચ, ફાઈબર અને લિનનનો પતંગ બનાવ્યો હતો. આ પતંગ ૯ મીટરની પહોળાઈવાળો મોટો પતંગ હતો. -નેધરલેન્ડમાં ૨૩૦ કિલોનો વજનદાર પતંગ પણ બનાવવામાં આવ્યો હતો. આ પતંગ ૩૭ મિનિટ સુધી ઉડાડવામાં આવ્યો હતો. -સૌથી મોટું પતંગનું મ્યુઝિયમ ચીનમાં આવેલું છે. ૧૩,૦૦૦ સ્કેવરફીટમાં વિસ્તરેલા આ મ્યુઝિયમમાં જુદા-જુદા દેશમાં ઉડાડેલા ૨૦૦૦ કરતાં પણ વધારે પતંગોનો ખજાનો છે. -૧૯૪૭માં ભારત આઝાદ થયું એ વખતેય લોકોએ પતંગ ઉડાડીને આઝાદીનો જલસો માણ્યો હતો.

-નવાઈની વાત છે કે થાઈલેન્ડમાં તો પતંગ યુદ્ધના ૭૮ નિયમ પણ બનાવ્યા છે. -એક સમયે ચીનમાં સાંસ્કૃતિક ક્રાંતિ દરમિયાન પતંગ ઉડાડવા પર પ્રતિબંધ પણ હતો. જો કોઈ પતંગ ઉડાડતાં ઝડપાઈ જાય તો તેને ત્રણ વર્ષની જેલ થતી અને તેના પતંગો નષ્ટ કરી દેવામાં આવતા. -જાપાનમાં ૧૭૬૦માં પતંગ ઉડાડવા પર પ્રતિબંધ હતો કારણ કે ત્યાંના લોકો કામ કરતાં પણ પતંગ ઉડાડવામાં મશગૂલ રહેતા.

પ્રાચીનકાળથી સૂર્ય ઉપાસનાનું મહત્વ રહેલું છે. વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ ગણાતા ઋગ્વેદમાં સૂર્ય માટે 'પતંગ' શબ્દ વપરાયો છે. આર્યોસૂર્યતત્ત્વની પ્રાચીન કાળથી ઉપાસના કરતા હતા. વેદકાળમાં સૂર્યને લગતા અનેક મંત્રો પણ પ્રાપ્ત થાય છે. પ્રાચીન ગ્રંથો મુજબ સૂર્ય પાસે કલ્યાણ તથા અમંગળ, દરિદ્રતા અને રોગ દૂર થાય તેની માગણી કરવામાં આવી છે. સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે તેને મકરસંક્રાંતિ કહે છે. પદ્મપુરાણ અનુસાર સૂર્યદેવ બાળસ્વરૂપ ધારણ કરીને ૧૨ મહિનામાં ૧૨ રાશીઓમાં સંક્રમણ કરતા રહે છે. આ સંક્રમણને સંક્રાંતિ કહે છે. ધન, મિથુન, મીન, કન્યા રાશીની સંક્રાંતિને ષડશીતિ કહે છે. વૃષભ-વૃશ્ચિક-કુંભ અને સિંહ રાશીની સંક્રાંતિને વિષ્ણુપદી સંક્રાંતિ કહે છે. ષડશીતિ નામની સંક્રાંતિમાં કરેલા પુણ્યકર્મનું ફળ ૮૬,૦૦૦ ગણું અને વિષ્ણુપદીમાં કરેલા પુણ્યકર્મ લાખગણું અને ઉત્તરાયણ અથવા દક્ષિણાયન આરંભના સમયે કરેલા પુણ્ય કોટિ-કોટિ ગણું ફળ આપે છે. પુરાણો અનુસાર સંક્રાંતિના દિવસે સૂર્યસ્તોત્રનું પઠન કરવાથી લક્ષ્મી સ્થિર રહે છે. સૂર્યોદય પહેલાં સ્નાનાદિથી પવિત્ર થઈ પૂજા કરવાથી તલમિશ્રિત જળથી સૂર્યાર્ઘ્ય આપવાથી કોઢ અને આંખસંબંધી રોગો, અસાધ્ય રોગ, દરિદ્રતા દૂર થાય છે અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે. આદિત્ય ગ્રહોના રાજા છે અને પ્રત્યક્ષ દેવ છે. જેની ઉપાસના આરાધનાથી રોગ-દરિદ્રતા દૂર થાય છે અને કોર્ટ-કચેરી-રાજકીય કાર્યોમાં સફળતા મળે છે. વહેલી સવારે ઋષિમુનિઓ સ્નાન કરી માર્તણ્ડ દેવની ઉપાસના કરતા હોય છે, જેથી તેઓનું આયુષ્ય લાંબું હતું. આજે પણ સંતો-ધર્મપ્રેમીઓ સવારે સૂર્યનારાયણ દેવને અર્ઘ્ય આપે છે.પૂષ્ણવ્યદેવની આરાધનાથી રોગ ઉપર વિજય થાય છે. જેમને અન્ય ગ્રહોની પીડા હોય તો 'આદિત્યહૃદય સ્તોત્ર'નો પાઠ, સૂર્યસ્તુતિ, ગાયત્રી ઉપાસના કરી વ્યકિત પોતાના દુઃખનું નિવારણ જાતે જ કરી શકે છે. ભારતીય ઋષિમુનિઓએ વ્રત-તહેવારો સાથે આયુર્વેદને પણ વણી લીધું છે. માટે આયુર્વેદ શાસ્ત્ર મુજબ અત્યારે શિશિર ઋતુ ચાલી રહી છે. તેમાં શેરડી-તલ-ગોળ-મમરાનો લાડુ જેવા મધુર પદાર્થોસ્વાસ્થ્ય માટે સારા હોવાથી મકરસંક્રાંતિના દિવસે તલની ચીકી વગેરે ખાવામાં આવે છે. જૉ કે તેમાં શરદી-કરમિયા કે ડાયાબિટિસના દર્દીઓને આનાથી દૂર રહેવું જૉઈએ. ઉપરાંત તલના તેલની માલિશ કરીને સૂર્યસ્નાન કરવાથી શરીરની સ્વસ્થતા જળવાઈ રહે છે.

વિજ્ઞાન નાં નિયમ મુજબ સૂર્યપ્રકાશથી વિટામિન-ડી મળે છે અને ચામડી સુંવાળી બને છે,

હાડકા-દાંત-વાળ-નખ મજબૂત બને છે અને યોગાનુયોગ આ દિવસે પતંગોત્સવ નિમિત્તે બધા અગાસી ઉપર જ રહેતા હોવાથી સૂર્યસ્નાન આપોઆપ થઈ જાય છે.સૂર્ય ધન રાશિમાંથી વિદાય લઇ મકર રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે મકરસંક્રાંતિ બને છે. દિવસથી સૂર્ય ઉત્તર તરફ અયન (ગતિ) કરે છે. એટલે ઉત્તરાયન પણ કહેવાય છે. મકરસંક્રાંતિથી ૬ માસ સુધી કર્ક સંક્રાંતિ સુધી સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં રહે છે. બ્રહ્મસૂત્રમાં બતાવ્યા મુજબ માસ દરમિયાન જે મૃત્યુ પામે છે તે વૈકુંઠમાં સ્થાન મેળવે છે. મુક્તિ મેળવે છે. માસનો સમય દેવતાઓ માટેનો દિવસકાળ ગણાય છે. ઉત્સવોના દેશ ભારતમાં અનેક તહેવારો ઉત્સાહથી ઊજવાય છે. વર્ષની શરૂઆતમાં જ ઉત્તરાયણમાં હજારો પતંગો ઉડાડીને લોકો નવા વર્ષનો આ પહેલો તહેવાર ધામધૂમથી રંગેચંગે ઊજવે છે. પતંગ સાથે કંઈકેટલાંય રસપ્રદ તથ્યો જોડાયેલા છે, તો કેટલાંક રેકોર્ડ્સ પણ પતંગના નામે બોલે છે. મોંઘો થયો પતંગનો શોખ પતંગ આમ તો મનોરંજનનું સાધન ગણાય છે, પણ હવે પતંગે વ્યાવસાયિક રૂપ લઈ લીધું છે. આગ્રા, બરેલી, ભોપાલ, અલાહાબાદ, બીકાનેર, ગુજરાત સિવાય ઘણી જગ્યાએ પતંગની ક્લબ બની છે કે જ્યાં પતંગની ટૂર્નૉમેન્ટ યોજાય છે. પતંગઘેલાં ગુજરાતી -દર વર્ષે ઉત્તરાયણ વખતે ગુજરાતમાં અમદાવાદમાં શહેરમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન થાય છે. -એક અંદાજ મુજબ દર વર્ષે ઉત્તરાયણના દિવસે ફકત ગુજરાતમાં જ અંદાજે સાતથી આઠ કરોડના પતંગો ઉડે છે. -ગુજરાતનો પતંગ મહોત્સવ વિશ્વભરમાં ખ્યાતિ પામ્યો છે. પતંગના નામે બોલાતા રસપ્રદ રેકોર્ડસ -જાપાનના એક પતંગપ્રેમીએ એક જ દોરી ઉપર પાંચ હજાર કરતાં પણ વધારે પતંગ ચગાવ્યા હતા. -એક જ દોરી ઉપર ૧૧,૨૮૪ પતંગો ઉડ્યા હોય એવું પણ બન્યું છે. આ



રેકોર્ડ જાપાનીઝ સ્કૂલના બાળકોના નામે છે. -વિશ્વમાં સૌથી લાંબો પતંગ ૧૦૩૪ મીટર (૩૩૯૪ ફૂટ)નો છે. પતંગની સૌથી વધુ સ્પીડ કલાકના ૧૯૩ કિ.મી.ની નોંધાયેલી છે. -ફ્રાંસના માઈકલ ગ્રેસીયર નામના માણસે કાચ, ફાઈબર અને લિનનનો પતંગ બનાવ્યો હતો. આ પતંગ ૯ મીટરની પહોળાઈવાળો મોટો પતંગ હતો. -નેધરલેન્ડમાં ૨૩૦ કિલોનો વજનદાર પતંગ પણ બનાવવામાં આવ્યો હતો. આ પતંગ ૩૭ મિનિટ સુધી ઉડાડવામાં આવ્યો હતો. પતંગનું વૈજ્ઞાનિક મહત્વ મકર સંક્રાંતિના વિજ્ઞાન વિશે જાણીએ તો મકર એક રાશિ છે અને સંક્રાંતિનો અર્થ થાય ગતિ. જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે ત્યારે એ સંક્રાંતિને જ મકર સંક્રાંતિ કહે છે. આ દિવસે રાત અને દિવસ સરખા બને છે. ૧૨ કલાકની રાત અને ૧૨ કલાકનો દિવસ. એનો અર્થ કે શિયાળાની મોસમમાં રાત લાંબી હોય તે ટૂંકી થાય અને ધીમે-ધીમે દિવસ ઉત્તર તરફ જાય છે. તેથી જ તો તેને ઉત્તરાયણ કહે છે. મતલબ કે ઉત્તર તરફ પ્રયાણ કરવું. વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં સૂર્ય માટે 'પતંગ' શબ્દ વપરાયો છે. આપણા માટે તહેવાર મનોરંજનનું માધ્યમ હશે પણ ખરેખર તો તહેવાર પાછળ પણ ચોક્કસ વિજ્ઞાન સંકળાયેલું છે.

વિજ્ઞાનના સંશોધન માટેય અનેકવાર પતંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પવનની ઝડપ માટે, વીજળીના પ્રયોગો કરવા, સંદેશાવ્યવહારમાં, હવાનું દબાણ માપવા તેમજ વિજ્ઞાનના ઘણા ક્ષેત્રે પતંગનો ઉપયોગ થતો. હવાના નિયમોને ધ્યાનમાં રાખીને પતંગ તૈયાર કરવામાં આવે તો તે સહેલાઈથી ઊડી શકે છે. પછી ભલે તે પતંગ કદમાં ગમે એવો મોટો કે વજનનો હોય. રસપ્રદ તથ્યો -સૌથી મોટું પતંગનું મ્યુઝિયમ ચીનમાં આવેલું છે. ૧૩,૦૦૦ સ્કેવરફીટમાં વિસ્તરેલા આ મ્યુઝિયમમાં જુદા-જુદા દેશમાં ઉડાડેલા ૨૦૦૦ કરતાં પણ વધારે પતંગોનો ખજાનો છે. -૧૯૪૭માં ભારત આઝાદ થયું એ વખતેય લોકોએ પતંગ ઉડાડીને આઝાદીનો જલસો માણ્યો હતો. -બીજા વિશ્વયુદ્ધ વખતે વિસ્ફોટક સામગ્રી પહોંચાડવાના સંકેત તરીકે પતંગનો ઉપયોગ થયો હતો. -નવાઈની વાત છે કે થાઈલેન્ડમાં તો પતંગ યુદ્ધના ૭૮ નિયમ પણ બનાવ્યા છે. -એક સમયે ચીનમાં સાંસ્કૃતિક ક્રાંતિ દરમિયાન પતંગ ઉડાડવા પર પ્રતિબંધ પણ હતો. જો કોઈ પતંગ ઉડાડતાં ઝડપાઈ જાય તો તેને ત્રણ વર્ષની જેલ થતી અને તેના પતંગો નષ્ટ કરી દેવામાં આવતા. -જાપાનમાં ૧૭૬૦માં પતંગ ઉડાડવા પર પ્રતિબંધ હતો કારણ કે ત્યાંના લોકો કામ કરતાં પણ પતંગ ઉડાડવામાં મશગૂલ રહેતા. -વાયરલેસના શોધક માર્કોનીએ એટલાન્ટિકની સામે પારથી અવાજનાં મોજાં પકડવા માટે પતંગનો ઉપયોગ કર્યો હતો. -જુદા-જુદા દેશનાં લશ્કરમાં તાલીમ, જાસૂસી માટે હાલમાંય વિવિધ રીતે પતંગોનો ઉપયોગ કરવામાં આવે છે

**દીપક જગતાપ**

## વાઈસ પ્રેસિડેન્ટે ટ્રમ્પને રાહત આપી, ૨૫મું સંવિધન સંશોધન લાગૂ નહિ થાય



વોશિંગ્ટન,તા.૧૩

વિદાય લઇ રહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકી બંધારણના પચીસમા સુધારા સાથે ઈમ્પીચ કરીને હટાવવાના મુદ્દે ઉપપ્રમુખ માઇક પેન્સ સંમત નથી. તેમણે સંસદના સ્પીકર નેન્સી પેલોસીને જાણ કરી હતી કે હું ટ્રમ્પને હટાવવાનો અભિપ્રાય ધરાવતો નથી.

પ્રમુખપદની ચૂંટણીમાં પોતે પરાજિત થઇ રહ્યા છે એવો ખ્યાલ આવતાં ટ્રમ્પે એક ભાષણ દ્વારા પોતાના સમર્થકોને ઉશ્કેર્યા હતા કે ચાલો. આપણે સંસદ પર ચડાઇ લઇ જઇએ. તેમના હજારો સમર્થકોએ કેપિટલ હિલ પર ચડાઇ કરી હતી અને હિંસા આચરીને ભાંગફોડ કરી હતી. ત્યારબાદ કેટલાક સાંસદોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે અમેરિકી બંધારણના પચીસમા સુધારા અન્વયે ટ્રમ્પને હટાવી દઇએ. ટ્રમ્પની મુદત પૂરી થવા આડે માત્ર સાત દિવસ બાકી રહ્યા હતા.

ઉપપ્રમુખ માઇક પેન્સ ટ્રમ્પને હટાવવાના વિચાર સાથે સંમત નથી. ટ્રમ્પની મુદત વીસ જાન્યુઆરીએ પૂરી થાય છે જ્યારે ડેમોક્રેટ ઉમેદવાર જો બાઇડન પ્રમુખ તરીકે સોગન લેશે. માઇક પેન્સે સ્પીકર નેન્સી પેલોસીને જણાવ્યું હતું કે હું ટ્રમ્પને હટાવવા બંધારણના ૨૫મા સુધારાનો આશ્રય લેવાનો નથી. તેમણે કહ્યું કે અત્યારે જો બાઇડનને સત્તા સોંપવાનો સમય છી. એવા સમયે ટ્રમ્પને હટાવીને આપણે સત્તાંતરની પ્રક્રિયાને વિલંબમાં નાખી શકીએ નહીં. તેમણે કહ્યું કે અત્યારે ટ્રમ્પ સામે ઈમ્પીચમેન્ટ લાવવાથી દેશમાં ભાગલા પડી જવાની ભીતિ રહે છે. એવું આપણે કરી શકીએ નહીં. શક્ય છે કે લોકો વધુ ઉશ્કેરાય અને વધુ હિંસા ફેલાય. એના કરતાં ટ્રમ્પને એની મુદત પૂરી થયે જવા દઇએ.

માઇક પેન્સે વધુમાં કહ્યું કે ગયા અઠવાડિયે કેપિટલ હિલમાં જે કંઇ બની ગયું ત્યારબાદ સંજોગોને મલમપટ્ટા કરવાનો અત્યારે સમય છે. ટ્રમ્પને ઈમ્પીચમેન્ટ દ્વારા હટાવવાથી કશું સિદ્ધ થવાનું નથી. આ મુદ્દાને વિસરી જઇએ એ બહેતર છે.

## ૨૦૨૧ના વર્ષમાં ૨૦૦ મિસાઇલનું પરીક્ષણ કરશેઃ રશિયાનું એલાન

મોસ્કો,તા.૧૩

અમેરિકા અને NATOના યુરોપિય દેશો સાથે વધી રહેલા તણાવ વચ્ચે રશિયાએ એલાન કર્યુ છે કે તે ૨૦૨૧ના વર્ષમાં ૨૦૦ મિસાઇલનું પરીક્ષણ કરશે. રશિયાએ આ ઘોષણા એવા સમય પર કરી છે જયારે જયારે તેની અત્યંત ઘાતક 'સતાન ૨' હાઇપરસોનિક અંતરમહાદ્વિપિય મિસાઇલ બનીને તૈયાર થવાની છે. રશિયાના રક્ષા મંત્રાલયે કહ્યું રે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના નેતૃત્વમાં ૨૦૦ મિસાઇલોનું પરીક્ષણ કરવામાં આવશે.

રશિયાએ આ પહેલા પણ ૨૦૨૦ના વર્ષમાં લગભગ ૨૦૦ મિસાઇલોનું પરીક્ષણ કર્યુ છે. રશિયન સમાચાર એજન્સી તાસના અહેવાલ પ્રમાણે રક્ષા મંત્રાલયે જણાવ્યું છે કે ૨૦૨૧ના વર્ષમાં સ્ટ્રેટજિક મિસાઇલ ફોર્સ વિવિધ સ્તરો પર ૨૦૦ અભ્યાસ કરશે. જેમાં મિસાઇલ રેજિમેન્ટ અને મિસાઇલ ડિવિજનના રણનીતિક નિષ્ણાંતો પણ સામેલ થશે. અભ્યાસ દરમિયાન ગતિવિધિઓની આક્રમકતામાં બદલાવ જોવા મળશે. રશિયા વર્તમાન સમયે પોતાની આરએસ ૨૮ સરમત મિસાઇલને ફ્લાઇટ ટ્રાયલ માટે તૈયાર કરી રહ્યું છે. આ મિસાઇલ વિશે મળતી માહિતિ પ્રમાણે તે કોઇ પણ એર ડિફેન્સ સિસ્ટમનો નાશ કરવા માટે સક્ષમ છે.

## ક્રૂડ પામતેલમાં ૩૫,૭૫૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૮૮,૭૮૦ ટનના સ્તરેઃ કોટનમાં સેંકડા વધ્યા

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૪૦૭૩ સોદામાં રૂ.૧૧૫૧૦.૭૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૬ વધ્યું હતું, જ્યારે ચાંદી કિલોદીઠ રૂ.૮૭ ઘટ્યું હતું. એલ્યુમિનિયમ સિવાયની બિનલોહ ધાતુઓમાં વૃદ્ધિ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલ (સીપીઓ)માં ૩૫,૭૫૦ ટનના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૮૮,૭૮૦ ટનના સ્તરે પહોંચ્યો હતો. કોટનના વાયદામાં સેંકડા વધ્યા હતા. રબર, કપાસ, મેન્થા તેલમાં સાર્વત્રિક સુધારો વાયદાના ભાવમાં થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૨૧૨૭ સોદાઓમાં રૂ.૫૭૫૮.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૧૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૪૪૭ અને નીચામાં રૂ.૪૯૧૩૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૪૬ વધીને રૂ.૪૯૨૯૧ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૬૧૬ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૨૦ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૮ વધીને બંધમાં રૂ.૪૯૩૨૬ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૫૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૫૦૦ અને નીચામાં રૂ.૬૫૫૨૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૭ ઘટીને રૂ.૬૫૮૧૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૬૨ ઘટીને રૂ.૬૫૮૩૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૫૭ ઘટીને રૂ.૬૫૮૨૯ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૫૮૪૧ સોદાઓમાં રૂ.૧૯૧૮.૪૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૯૦૨ ખૂલી, ઊપરમાં રૂ.૩૯૭૬ અને નીચામાં રૂ.૩૮૯૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૬ વધીને રૂ.૩૯૧૨ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૫૪૬ સોદાઓમાં કુલ રૂ.૪૩૭.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૩૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૩૯૦ અને નીચામાં રૂ.૨૧૨૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૬૦ વધીને રૂ.૨૧૩૩૦ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૯૦.૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૫ ઘટીને બંધમાં રૂ.૯૭૮.૭ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૭ અને નીચામાં રૂ.૯૯૦.૨ રહી, અંતે રૂ.૯૯૩.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૧૮.૫ અને નીચામાં રૂ.૧૨૧૩.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭.૫૦ વધીને રૂ.૧૨૧૬ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૦૧૬૭ સોદાઓમાં કુલ રૂ.૩૦૫૦.૧૭ કરોડ ની કીમતનાં ૬૧૮૧.૫૦૧ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૧૯૬૦ સોદાઓમાં કુલ રૂ.૨૭૦૮.૩૦ કરોડ ની કીમતનાં ૪૧૦.૦૭૯ ટન, ક્રૂડ તેલમાં ૪૬૩૬ સોદાઓમાં રૂ.૨૮૧.૨૭ કરોડનાં ૭૧૭૦૦૦ બેરલ્સ, કોટનમાં ૯૩૩ સોદાઓમાં રૂ.૮૨.૨૯ કરોડનાં ૩૮૪૭૫ ગાંસડી, સીપીઓમાં ૨૫૩૦ સોદાઓમાં રૂ.૩૫૦.૪૦ કરોડનાં ૩૫૭૫૦ ટન, મેન્થા તેલમાં ૩૦ સોદાઓમાં રૂ.૪.૧૯ કરોડનાં ૪૨.૧૨ ટન, કપાસમાં ૨૧ સોદાઓમાં રૂ.૫૫.૯૫ લાખનાં ૯૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૭૨૧૮.૪૦૬ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૩૧.૫૩૨ ટન, ક્રૂડ તેલમાં ૨૫૩૩ બેરલ્સ, કોટનમાં ૧૪૧૬૫૦ ગાંસડી, સીપીઓમાં ૮૮૭૮૦ ટન, મેન્થા તેલમાં ૧૩૩.૯૨ ટન અને કપાસમાં ૨૪૪ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૯ અને નીચામાં રૂ.૩૧૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૪૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૦૦ અને નીચામાં રૂ.૪૪૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૮૪.૫ બંધ રહ્યો હતો. ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૬૧૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૦૨.૫ અને નીચામાં રૂ.૧૫૪૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬૩૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૧૩.૫ અને નીચામાં રૂ.૭૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૭૪.૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૭૯ ખૂલી, ઊપરમાં રૂ.૯૩.૭ અને નીચામાં રૂ.૭૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૫.૬ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૮૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૫.૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૨ અને નીચામાં રૂ.૮.૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮.૨ બંધ રહ્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે..આ ગ્રુપ ના મેમ્બર સભ્યો જ પોતાની રચનાઓ આપેલ વિષય ઉપર ગ્રુપ માં મૂકી શકે છે.ગ્રુપ વિષયક તેમજ અખબાર માં સમાચારો માટે સંપર્ક કરો

www.janfariyadnews.com
Email :- prdpraval42@gmail.com
What's up calling :- 9824653073

---

**NOG SS No.0007**

શીર્ષક : ૨૦૨૧ નું નવું વર્ષ

વિભાગ : ગદ્ય

૨૦૨૦ આઘાત, અજંપા, દુ:ખમાં વીત્યું.૨૦૨૦ માં ઘણાંએ ઘણું બધું ગુમાવ્યું.....! કદાચ સર્વસ્વ ..અને ઘણાં જણાંએ પરોક્ષ રીતે ઘણું મેળવ્યું. જેઓએ ગુમાવ્યું એમના માટે ૨૦૨૦ એક કડવી યાદ બનીને રહ્યું અને જેઓએ મેળવ્યું તેઓએ આજીવન એને પોતાની મીઠી યાદગીરીઓ તરીકે હૃદયસ્થ કર્યું. ખેર, સવારની રાત અને રાતની સવાર ,જેનો ઉદય છે એનો અસ્ત છે.એ કુદરતનો નિયમ છે. એ ન્યાયે કાળી સ્યાહી થી લખાયેલાં ૨૦૨૦ના વર્ષની વિદાય થઈ ગઈ છે અને ૨૦૨૧ પોતાનાં કોરાં પાનાંને સુંદર અનુભવોથી ભરવા આપણાં આંગણે આપણાં વિશ્વાસની કલમની આતુરતાથી રાહ જોતું ઊભું છે? તો એનું ઉત્સાહ અને ઉમંગથી સ્વાગત કરીએ.૨૦૨૧ મને એક નવપલ્લવિત નવોઢાના રૂપમાં દેખાય છે. જેમ નવી પરણેલી વહુ અનેક સપનાંઓ લઈને આવતી હોય છે, ઘણી યોજનાઓ લઈને આવે છે, તેવી જ રીતે ૨૦૨૧ પણ આપણાં માટે અનેક સપનાંઓ, યોજનાઓ લઈને આવ્યું છે. જેને આપણે વધાવશું તો તે નક્કી જ આપણને ઉન્નતિ તરફ લઇ જશે. 'વાવો તેવું લણો' એ ન્યાયે વર્ષની શરૂઆતમાં જે વાવશું તે જ આખરમાં લણશું. તો ચાલો આપણે સૌ આપણાં બાગરૂપી પરિવારમાં, સમાજમાં વિશ્વાસ, પ્રેમ, સહકાર અને સ્નેહરૂપી રોપાઓ વાવીએ અને અંતે સંબંધોની મીઠાશ રૂપે મળેલાં ફળને સૌ સાથે વહેંચીને ભોગવીએ.

અસ્તુ.

આરતી મરચંટ મુંબઈ : કાંદિવલી

---

**NOG SS No :- 0072**

વિષય : વિતેલા વર્ષો ની યાદો

શીર્ષક : સમયની સમજણ.

જેની સાથે વર્ષોથી એક નજર જ મળતી હતી, આજે તેઓ કલાકો મળે છે.
સવારની સવાર ઘણી લાંબી થઈ ગઈ છે, જેની સાથે પ્રકૃતિનો નાદ જોડાઈ ગયો છે.
આજે ઘરમાં ચુપ્પી ની જગ્યા દિલની વાતો એ લઈ લીધી છે.
આશા છે કે આવનારો સમય અને આવનારું વર્ષ નવી તક તથા ઉજ્જ્વળ ભવિષ્ય લાવે.
ચાલો, આ વર્ષમાં ગત વર્ષની સારી યાદો લઈને નવાં સપનાંઓ સાકાર કરીએ.
આવો નવું વર્ષ વધાવીએ.

-શિવાંગી પટેલ અમદાવાદ.

---

**[NOG SS No :- 0022**

વિષય : ૨૦૨૧ નું નવું વર્ષ

વિભાગ : ગદ્ય

પ્રકાર : વાર્તા

લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

નવવર્ષની પૂર્વસંધ્યાએ રવજીભાઈ અને સંધ્યાબેન ચિંતાગ્રસ્ત ચહેરે બેઠાં હતાં. ઘરમાં બધાં આનંદમાં હતાં, રવજીભાઈના દીકરા કમલે નવાવર્ષના આગમન માટે સરસ કાર્યક્રમ પણ ઘડી કાઢ્યો હતો.

રવજીભાઈના પૌત્ર અને પૌત્રી તેમની આજુબાજુ રમી રહ્યાં હતાં . વહુ રસોડામાં જમવાનું બનાવી રહી હતી.

ગામડેથી નાના શહેરમાં આવીને વસેલા રવજીભાઈએ પોતાની મહેનતથી પોતાનું એક ઘર બનાવ્યું અને દીકરા-દીકરીને સારું ભણતર આપ્યું. બંનેના લગ્ન સારા કુટુંબમાં કરાવ્યાં. દીકરી અન્ય શહેરમાં રહેતી હતી અને દીકરો કમલ તે જ શહેરમાં બેન્કમાં નોકરી કરતો હતો.

થોડા દિવસ તેણે નોકરી કરી પણ પછી વિદેશમાંથી સારી ઓફર મળતાં તે ત્યાં સ્થાનાંતરિત થઈ ગયો. રવજીભાઈ અને સંધ્યાબેન એકલાં થઈ ગયાં. કમલ દર મહિને નિશ્ચિત રકમ મોકલતો પણ તે રકમ દીકરાની કમી ક્યાં પૂરી કરવાની હતી. પૌત્ર અને પૌત્રીનો જન્મ વિદેશમાં થયો પણ રવજીભાઈએ તેમને છેક તેઓ બે વર્ષનાં થયાં પછી જ જોયાં.

૨૦૨૦ ની શરૂઆતમાં આવેલો કમલ કોરોનાના આક્રમણને લીધે ફરી વિદેશ જઈ શક્યો નહીં અને રવજીભાઈ અને સંધ્યાબેન માટે સુવર્ણ સમય શરૂ થયો. તેમનું ઘર ફરીથી ભર્યુંભાદર્યું થઈ ગયું. ઘર બાળકોનો કિલ્લોલથી ગાજી ઊઠ્યું.

તેમનો કપરો સમય ઝડપથી પૂર્ણ થઈ ગયો. વહુ પણ દીકરીની જેમ તેમને સાચવતી.

જેમ જેમ વર્ષ પૂર્ણ થવા આવ્યું તેમ તેમ ટીવી ઉપર કોરોનાની રસી આવવાના સમાચાર શરૂ થયાં અને બંને ચિંતામાં પડ્યાં. કોરોનાના અંત સાથે તેમની ખુશીનો પણ અંત થવાનો હતો.

બધાં નવા વર્ષના આગમનની રાહ જોઈ રહ્યાં હતાં. રવજીભાઈની દીકરી અને જમાઈ પણ આવી ગયાં હતાં. ઉજવણી શરૂ હતી તે જ સમયે કમલના મોબાઈલમાં એક ઈમેલ આવ્યો, જે તેણે પોતાની પત્નીને દેખાડ્યો તો તેનો ચહેરો ખુશીથી છલકાઈ ગયો. બરાબર ૧૨ વાગ્યા પહેલાં કમલે બધાં સામે જાહેરાત કરી,"હું વિદેશમાં જે કંપનીમાં કામ કરતો હતો, તે કંપનીએ મારું રાજીનામું સ્વીકારી લીધું છે અને હું અહીં જ રહેવાનો છું."

રવજીભાઈ અને સંધ્યાબેનના ચહેરા ખીલી ઊઠ્યાં. ૨૦૨૧ નું વર્ષ તેમના માટે ખુશીઓ લઈને આવ્યું હતું.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

**NOG SS..No.19**

વિષય..બદલાતી જીવન શૈલી.. પ્રેમ ભાવ

પ્રકાર.. ગદ્ય

આદિમાનવથી લઈને આજે આધુનિક માનવીની સફર ઘણી રોચક બની રહી છે. આપણી જીવનશૈલીમાં ઘણો જ બદલાવ આવી રહ્યો છે. હાલનાં સંજોગોમાં કોરોના નામનાં દૈત્યને સંપૂર્ણ નાથી શક્યાં નથી, પણ નવા વર્ષ કડવી યાદોને ભૂલી એક ઉત્સાહ સાથે આગળ વધીએ.આપણી આજુબાજુનાં લોકો આપણાંથી ખુશ રહે એ આપણી ઉપલબ્ધિ.ગત વર્ષ શીખવી ગયું કે ચિંતા, મુશ્કેલીઓ વચ્ચે પણ માનવીને થોડો આરામ મળ્યો છે. ભણવામાં ઓનલાઈનનો વિકલ્પ શોધાયો.ઓનલાઈન બિઝનેસ શરૂ થયાં .હવે તો શાકભાજી વાળાં,કરિયાણાં વાળાં, જ્યાં જુઓ ત્યાં ડિજિટલ પેમેન્ટ થઈ ગયું. સાવ નાનો માનવી મોબાઈલ સાથે જોડાઈ ગયો. વિશ્વ જાણે આંગળીનાં ટેરવે!દરેક મુશ્કેલી વખતે માનવીએ પ્રગતિ કરી છે. કોરોનાની રસી પણ આવી ગઈ ને ભવિષ્યમાં એની સાથે લડવાની તૈયારી પણ થઈ ગઈ.માનવજાતે પોતાને સમૃદ્ધ બનાવી છે. એકબીજાંને સહારે આગળ વધવાનું છે. ઓછાં વ્યવસ્થાપનોથી પણ જીવન સરસ ચાલી જાય છે. આપણી સંવેદના જગાડી,સૌને મદદરૂપ બનીએ એ આપણે યાદ રાખવું જરૂરી છે. સ્નેહનાં ઝરણાંને વહેતું રાખી સૌ સાથે વિકસિત બનીએ. પરિસ્થિતિનાં ગુલામ ન બની,પણ નિર્માતા થઈ સુખ મેળવીએ. નવી શોધને અપનાવી, જીવનમાં સર્જનાત્મક બદલાવ લાવીએ. હવે જહ્રજ. એટલે કે સેનિટાઈઝર, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ જીવન શૈલીમાં જ વણી લેવાનું છે. સારાં કે ખરાબ પરિણામનો બોધ લઈ જગતને જાણી ને માણી લઈએ.
યોગ,પ્રાણાયામ અને આયુર્વેદને જીવનમાં ચોક્કસ અપનાવી લઈએ,ાિ કદ્ધિ ર્દ્ધી, નહી ખોટાં ખર્ચા, ઓનલાઈન ભણતર, પર્યાવરણ શુદ્ધિકરણ આ બધાંમાં બદલાવ સાથે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ રાખીને સુખી થઈને.. સુખી કરીએ.

કલ્પનાબેન ત્રિવેદી સુરેન્દ્રનગર

---

**NOG SS No :- 0086**

પ્રકાર : પદ્ય

શિર્ષક : પ્રેમભાવ (પ્રેમ એટલે અનુભૂતિ)

જ્યારે હું મા નહોતી ત્યારે થતું કે મા ને કામ શું
વહેલાં ઊઠવું, રોજ એકનું એક ઘૂંટવું,
થાય એટલું કરી છૂટવું આટલાં જ કામ.
એકાદ માટલા-પાલા ગાળવા, ચા-પાણી ધરવા.
એ તો ચપટી મારતાં જ થઈ જાય.
બે રોટલી થોડુંક શાક દાળ-ભાત અને પછી આરામ.
હે જલસા..!
દસ બાર કપડાં ધોવા, ખૂણા ખાંચરા ઝાપટવા,
વાસણો સાફ કરીને સમેટવા.
હવે હાથમાં વીઝણો ને હીંચકે બેસી પંપાળશે ઢીંચણો.
ત્યાં હું બૂમ પાડતી "મમ્મી નાસ્તો તૈયાર..?"
અને એનો જવાબ..હા, બેટા લાવી..!
રોટલી-શાક મૂક્યાં છે, મોર ગળે એમ ગળીશ નહિ.
કોઈ બજારુ નાસ્તામાં પડીશ નહિ.
અને હા, પાણીની બોટલ ભરી, ચોપડીઓ એનાથી આઘી કરી, હરપળ એ ઊભી રહી થઈને પરી.
ઘરમાં શાંતિ થતાં એ પંખી થઈ ઊડતી હશે.
એકાંતમાં એ કળી સમી ખુલતી હશે.
હું વિચારતી, સૌના ગયાં પછી મા ને મોજે દરિયા!
રજાઓ પડી ત્યારે મેં મા ને માણી.
નવ મહિના પેટમાં રહ્યાં છતાંય હું સંપૂર્ણ ના શકી જાણી.
એ માત્ર મા નહોતી,
પોતાનાં બાળપણ, ભોળપણ, શાણપણ, અને ક્યારેક મનગમતું ગાંડપણ જીવતી છોકરી. ક્યારેય રાજીનામું ન આપી શકે એવી ફરજિયાત સંબંધના બંધનની "પ્રોમિસરી નોટ" પર દરેક "ટર્મ્સ અને કન્ડિશન" કહ્યાં વિના,
કોઈપણ વળતરની અપેક્ષા રાખ્યા વિના કરતી એ નોકરી.
નાના સાથે નાની ને વડીલો સાથે અચાનક થતી ડોકરી.
સૌની ઇચ્છાઓના ઘરેણાંથી શોભી.
તો પણ કહેવાતી સહેજ ડોબી.
મનોમન કેટલીવાર રડી હશે.
મને જોતાવેંત આંસુ ગળી હસી હશે.
મા એ કહેલું પેલું વાક્ય મને,
કિરણો સાથે ઊગતી ક્ષણે, સાંજના વળતાં ધણે, રાતના વહેતાં રણે અનુભવાય છે.
કારણ, આજે હું પણ એક દીકરીની મા છું..!!

સૌજન્ય - વૈભવી જોષી - સિડની
(મારા સાહિત્ય સંગ્રહમાંથી)




## રાજ્યમાં ૬૬૧૬ અધ્યાપક-શિક્ષક સહાયકોની ભરતીને સરકારની લીલીઝંડી

ગાંધીનગર,તા.૧૩

કોરોના કાળમાં માંડ માંડ શિક્ષણ તંત્ર થાળે પડી રહ્યું છે. ધોરણ ૧૦ અને ૧૦ના ક્લાસિસ શરૂ કરી દેવામાં આવ્યા છે. ત્યારે હવે શિક્ષણમંત્રીએ શિક્ષકોની ભરતીને લઈને મોટી જાહેરાત કરી છે. ગ્રાન્ટેડ શાળાઓમાં ભરતીના વિષય પર તેમણે કહ્યું કે, શિક્ષણ વિભાગમાં મોટી સંખ્યામાં ભરતી કરવાની છે. માધ્યમિક વિભાગમાં શિક્ષક સહાયક ૨૩૦૭ની ભરતી કરાશે. તો કોલેજમાં અધ્યાપક સહાયક ૯૨૭ કુલ મળીને ૬૬૧૬ ની ભરતી કરવામાં આવશે. શિક્ષણ વિભાગમાં ભરતી અંગે તેમણે જણાવ્યું કે, ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ભરતી કરાશે. કોલેજમાં અધ્યાપકોની ૯૨૭, માધ્યમિકમાં ૨૭૦૭ અને ઉચ્ચતર માધ્યમિકની ૩૩૮૨ એમ કુલ મળીને ૬૬૧૬ શિક્ષકોની ભરતી કરાશે. તો કોલેજોમાં ૯૨૭ અધ્યાપક સહાયકોની ભરતી થશે. તો માધ્યમિક વિભાગમાં ૨૩૦૭ શિક્ષક સહાયકની ભરતી કરાશે. ગુજરાતીમાં ૨૩૪ શિક્ષક સહાયકોની ભરતી થશે. સામાજિક વિજ્ઞાનમાં ૨૮૯ શિક્ષક સહાયકોની ભરતી કરાશે.

અંગ્રેજીમાં ૬૨૪ શિક્ષક સહાયકોની ભરતી કરાશે. ગણિત-વિજ્ઞાનમાં ૧૦૩૯ શિક્ષક સહાયકોની ભરતી કરાશે. એકાઉન્ટ અને કોમર્સમાં ૪૪૬ શિક્ષક સહાયકોની ભરતી કરાશે. તેમણે વધુમાં કહ્યું કે, કોલેજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકમાં ૬૬૧૬ ની ભરતી પ્રક્રિયા કરવામાં આવશે. મુખ્યમંત્રી અને નાણામંત્રીનો આભાર માનું છું કે આ ભરતી પ્રક્રિયા માટે મંજૂરી આપી છે. ગુણવત્તાને ધ્યાનમાં રાખીને ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. આગામી દિવસોની અંદર આ પ્રક્રિયા કરવામાં આવશે. ધોરણ ૧૦ અને ૧૨ શાળાઓ શરૂ કર્યા બાદ હવે બીજા તબક્કામાં અન્ય ધોરણો શરૂ કરવામાં આવશે. હાલ ધોરણ ૧૦ ૧૨ ની શાળાઓ ચાલુ કરી એમાં હાજરીનું પ્રમાણ સારું છે. દિવાળી બાદ સ્કૂલો ચાલુ થતી હોય છે, ત્યારે પહેલા કે બીજા દિવસે જે પ્રકારે હાજરી હોય છે તેના કરતાં સારા પ્રમાણમાં હાજરી કોરોનાકાળ બાદ જોવા મળી.

પહેલા દિવસે ૩૫ ટકાથી બીજા દિવસે ૩૮ ટકા થઈ છે. ૧૮મી તારીખથી પૂરતી સંખ્યા વિદ્યાર્થીઓની આવશે તેવો મને વિશ્વાસ છે. બોર્ડની પરીક્ષાની તારીખો હવે પછી શરૂ કરવામાં આવશે અને ફોર્મ ભરવાની પ્રક્રિયાને ત્યારે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. તો શિક્ષણમંત્રીની આ જાહેરાત પર ગુજરાત કોંગ્રેસ તરફથી આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ વિશે કહ્યું કે, આ ફક્ત જાહેરાતોવાળી સરકાર છે.ચૂંટણીઓ આવે એટલે આવી જાહેરાત કર્યા કરે છે. આજેપણ ગુજરાતનો યુવાન સરકારી પરીક્ષાની રાહ જોઈ રહ્યો છે. સરકારી ભરતી પ્રક્રિયાનો કોઈ રોડ મેપ નથી. આ જાહેરાત ગુજરાતના યુવાનોની મજાક સમાન છે.

## બ્રાહ્મણવાડા સેન્ટરના આચાર્ય ની વર્ચુઅલ મીટિંગ યોજાઈ

ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા સીઆરસી ના તમામ આચાર્ય શ્રી ની મિટિંગ નું આયોજન સીઆરસી બ્રાહ્મણવાડા અલ્પેશ શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં જે બાળકો પાસે એકપણ ડિજિટલ સાધન નથી તેવા બાળકો ને શેરી શાળા પ્રોજેક્ટ દ્વારા શિક્ષણ આપવામાં આવે તેના વિશે ચર્ચા કરવામાં આવી હતી આ અંગે સીઆરસી કો ઓ અલ્પેશ શ્રીમાળીએ જણાવ્યું હતું કે જે બાળકો પાસે મોબાઈલ કે ટીવી નથી તેવા બાળકોને શેરી શાળા અંતર્ગત માર્ગદર્શન આપવું તેમજ આગામી સમય માં સરકાર શ્રી તરફથી વેક્સીન આપવાની છે ત્યારે શાળા કક્ષાએ આપડી પુરી તૈયારી રાખી શાળા સફાઈ તેમજ ભૌતિક સુવિધા થી સજ્જ રહીએ તો વળી ટોય ફેર અંગે પણ શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

મકર સંક્રાંતિ મહાપર્વ
૧૪/૦૧/૨૦૨૧, ગુરુવાર, સંવત-૨૦૭૭

સંક્રાતિ એટલે કે સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં સંક્રમણ.
સૂર્ય દર એક મહિને રાશિ બદલે છે એટલે એમ વર્ષ દરમ્યાન બાર સંક્રાંતિ થાય છે,
તેમાં પ્રમુખ રીતે સૂર્ય જ્યારે મકર રાશિમાં મકર રાશિમાં પ્રવેશ કરે તેને મકર સંક્રાંતિ કહેવાય છે.
મકર સંક્રાતિના દિવસથી સૂર્ય ક્રમે પૃથ્વીની ઉત્તર તરફ આગળ વધે છે. આથી જ તેને ઉત્તરાયણ પણ કહેવાય છે.

ઉત્તરાયણથી દેવતાઓનાં દિવસની શરૂઆત થાય છે અને અસુરોની રાત્રિ શરૂ થાય છે.
જ્યારે દક્ષિણાયનથી દેવતાઓની રાત્રિની શરૂઆત થાય છે અને અસુરોનો દિવસ શરૂ થાય છે.
ઉત્તરાયણને દેવયાન અને દક્ષિણાયનને પિતૃયાણ કહેવામાં આવે છે.
ઉત્તરાયણથી દેવતાઓનો દિવસ શરૂ થતો હોવાથી તે તમામ શુભ કાર્યો માટે શ્રેષ્ઠ ગણાય છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી આ ઉત્સવને સમજીયે તો પૃથ્વી સાઢા ૨૩ ડિગ્રી અક્ષ પર નમેલી હોવાથી સૂર્યની પરિક્રમા કરે છે
ત્યારે વર્ષમાં ૪ સ્થિતિઓ એવી હોય છે જ્યારે સૂર્યની સીધી કિરણો ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરના રોજ
વિષુવૃત રેખા તેમજ ૨૧ જૂનના રોજ કર્ક રેખા અને ૨૨ ડિસેમ્બરના રોજ મકર રેખા પર પડે છે.
હકીકતમાં ચન્દ્રમાંના પથને ૨૭ નક્ષત્રોમાં વહેંચવામાં આવ્યુ છે. જ્યારે કે સૂર્યના પથને ૧૨ રાશિયોમાં વહેચવામાં આવ્યુ છે.
ભારતીય જ્યોતિષમાં આ ૪ સ્થિતિઓને ૧૨ સંક્રાતિઓમાં વહેંચવામાં આવી છે જેમાથી ૪ સંક્રાતિઓ મહત્વપૂર્ણ હોય છે
જે મેષ, તુલા, કર્ક અને મકર સંક્રાંતિ કહેવામાં આવે છે.

આ વખતે મકર સંક્રાંતિનું વાહન સિંહ છે અને ઉપવાહન ગજ છે સાથે જ સફેદ વસ્ત્ર ધારણ કરેલા છે સાથે જ હાથ માં ભુસુંડી ધારણ કરે છે.
તેમની જાતિ દેવ છે અને કસ્તુરીનું તિલક કરે છે અને અનાજ ખાય છે અને ચંપાનું પુષ્પ ધારણ કરે છે.
પ્રવાલના આભૂષણો ધારણ કરેલ છે અને વાર નામ નંદા છે. નક્ષત્ર ના મહોદરી છે.
સામુદાય મુર્હૂત સામ્યર્ઘ છે અને પશ્ચિમ દિશામાં થી આવીને પૂર્વ માં જાય છે તેમજ તેની દ્રષ્ટિ અગ્નિદિશા તરફ છે જ્યારે મુખ ઉત્તર તરફ છે.
આ સંક્રાંતિ ગુરુવારના દિવસે છે માટે શુભ ગણાય છે.

સંક્રાંતિ માં કઈ રાશે એ શું દાન કરવું
સંક્રાંતિ દરમ્યાન દાનનું ખુબ મહત્વ હોય છે અને તેમાં પણ જો તેમાં પુણ્ય કાળ માં જો દાન કરવામાં આવે તો
જન્મ જન્માંતર સુધી ફળની પ્રાપ્તિ થાય છે. તે દિવસે સોનુ, ગાય અને તલ નું દાન આપવું શ્રેષ્ઠ ગણાય છે.

વૃષભ, કન્યા, ધન : સફેદ વસ્તુ, ઘી અથવા રૂપાનું દાન
મિથુન, તુલા, કુંભ : કાળી વસ્તુ, કાળા તલ અથવા સ્ટીલનું દાન
મેષ, કર્ક, વૃશ્ચિક : લાલ વસ્તુ, ગોળ અથવા તાંબાનું દાન
સિંહ, મકર, મીન : પીળી વસ્તુ, ચાણાની દાળ અથવા પિત્તળનું દાન





પુણ્યકાળ સમય
Ahmedabad, India - 08:15 to 16:16
Jersey City, USA - 07:18 AM to 16:53
London, England - 08:00 AM to 16:20
Wellington, New Zealand - 15:59 to 22:55
Perth, Australia - 11:00 to 19:26
Dubai, UAE - 07:06 to 17:51

।। शुभं भवतु ।।

## હું જ્યારે મોક્ષમાર્ગી શ્રી માધવસિંહ સોલંકીજીને બેસણાંમાં રૂબરૂ જઇ શ્રધ્ધાંસુમન અર્પીશ ત્યારે હું તેઓના નીચેના ઐતિહાસિક રેકોર્ડ્સને યાદ કરી આટલું જરૂર બોલીશ : નમિષ શાહ : સ્થાપક : 'સત્યાગ્રહી પરિવાર'

ગોંડલ અને ભાવનગર સ્ટેટમાથી પ્રેરણા લઈ આઝાદ ભારતમાં 'કન્યા શિક્ષણ'ને મફત કરનારા સૌ પ્રથમ સમભાવી મુખ્યમંત્રીને સેલ્યૂટ...

ગુજરાતના જીડીપીને ૩૨% સુધી લઇ જનાર પ્રગતિશીલ મુખ્યમંત્રીને પ્રણામ... ગુજરાતમાં શહેરી મધ્યમવર્ગીય વિશેષતઃ પછાત, વંચીત, આંતરીયાળ વિસ્તારોમાં ૫,૦૦૦ જેટલાં શિક્ષણ સંકુલો (??બાલમંદિર પ્રાયમરી સ્કૂલો - હાઇસ્કૂલો - છાત્રાલયો - કોલેજો - યુનિવર્સિટી)નો પ્રારંભ કરાવનાર શિક્ષિત મુખ્યમંત્રીને વંદન... વિશ્વમાં સૌ પ્રથમ વિદ્યાર્થીઓ માટે સ્કૂલોમાં 'મિડ વે ફૂડ' મધ્યાહન ભોજનનો વિચાર અને અમલ કરાવનાર કરૂણામય મુખ્યમંત્રીને નમન... અમદાવાદ - વડોદરા - સૂરત - રાજકોટ - ભાવનગર - જામનગર - ગાંધીનગર સહિતના મહાનગરોમાં મધ્યમવર્ગોના પોતાના મકાનના સ્વપ્નને માત્ર ૧૫,૦૦૦ થી ૬૦,૦૦૦ રૂપિયાની નજીવી કિંમતે સાકાર કરી આપનાર શહેરી મધ્યમવર્ગના મસીહા સમાન મુખ્યમંત્રીને કોટી કોટી વંદન...




ગુજરાતની ગ્રામીણ જનતા - ખેડૂતો - ગરીબોને રોજગારી અને ઉદ્યોગોને માનવબળ મળી રહે તે હેતુસર પછાત અને આદિવાસીક્ષેત્રોમાં અસંખ્ય જીઆઈડીસીઓ GIDCનું નિર્માણ કરનાર વિકાસપુરૂષ મુખ્યમંત્રીને સેલ્યૂટ... ઔધોગિકગૃહોને ફાયનાન્સની અગવડ દૂર કરવા GSFC, GIIC, GISC જેવાં સમૃદ્ધ નાણાંકીય નિગમોની એડવાન્સમાં સ્થાપના કરનાર દીઘર્દ્રશ્ટા મુખ્યમંત્રીને પ્રણામ...

ગુજરાતના ઉદ્યોગોને ભારતના ઔધોગિક ગૃહો સાથે મહાજાતિ ગુજરાતીને જોડવા દક્ષિણ ગુજરાતના વડોદરા - ભરૂચ - અંકલેશ્વર - સૂરત - નવસારી - વલસાડ થી વાપીના વિસ્તારને ઔધોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર - સ્પેશિયલ ટેક્ષ બેનિફિટ - નોન સ્ટોપ ઈલેક્ટ્રિક સિટીનો સપ્લાય, ગુજરાત મેરી ટાઇમ બોર્ડ જેવાં ઝડપી અમલીકરણ થકી સાતમા (૭) નંબરેથી ગુજરાતને આર્થિકક્ષેત્રે એક (૧) નંબરે પહોંચાડનાર બહુર્મુખી પ્રતિભાવાન મુખ્યમંત્રીને વંદન...

ગુજરાતના સૌથી મોટા, સામર્થ્યવાન - શક્તિશાળી - સરળ બક્ષીપંચ ઠાકોર/કોળી સમાજને શિક્ષણ અને નોકરીઓમાં સ્થાન અપાવી મુખ્યધારામાં સામેલ કરી ગુજરાતને અગ્રેસર રાજય બનાવનાર મહામાનવીય મુખ્યમંત્રીને કોટી કોટી વંદન...

ગુજરાતમાં કૉંગ્રેસને ૧૪૯ સીટો સાથે રેકોર્ડબ્રેક બહુમતીથી સત્તાના સૂત્રો સોંપનાર મુત્સદ્દી રાજપુરુષ મુખ્યમંત્રીને નમન...

## રૂપાણી સરકાર તુવેર, રાઈડો અને ચણાની ટેકાના ભાવે કરશે ખરીદી

ગાંધીનગર,તા.૧૩

આજરોજ બુધવારે ગાંધીનગર ખાતે કેબિનેટ બેઠક મળી હતી. જેમાં ખેડૂતો પાસેથી તુવેર, રાઈડો અને ચણાની ટેકાના ભાવે ખરીદીની તારીખો અને ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. આ અંગે કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી હતી. જયેશ રાદડિયાએ જાહેરાત કરી હતી કે ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવાની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. ટેકાના ભાવનું પેમેન્ટ પણ ખેડૂતોને ચૂકવી આપવામાં આવ્યું છે. જો કોઈને પેમેન્ટ બાકી હશે તો બે ત્રણ દિવસમાં ચૂકવી દેવામાં આવશે. આ ઉપરાંત ડાંગર અને મકાઈની ખરીદીની તારીખો લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે.

અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતના કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ જાહેરત કરી છે કે આગામી ૧૫ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમિયાન તુવેરની નોંધણી કરાવી શકાશે. આ નોંધણી ગ્રામ્ય સ્તરે પણ કરી શકાશે. જે બાદમાં જેમણે પોતાની તુવેરની નોંધણી કરાવી હશે તેમની તુવેરની ખરીદી પહેલી ફેબ્રુઆરીથી પહેલી પહેલી મે સુધી કરવામાં આવશે. ૧૦૫ માર્કેટિંગ યાર્ડ મારફતે ૬,૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવે તુવેરની ખરીદી કરવામાં આવશે. ખેડૂતો ચણાનું ટેકાના ભાવે વેચાણ માટે પહેલી ફેબ્રુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી સુધી નોંધણી કરાવી શકશે. જે બાદમાં ૧૬મી ફેબ્રુઆરીથી ૧૬મી મે સુધી ટેકાના ભાવે ચણાની ખરીદી કરવામાં આવશે. ક્વિન્ટલ દીઠ ૫,૧૦૦ રૂપિયાના ભાવે ૧૮૮ ખરીદી કેન્દ્રો પરથી ચણાની ખરીદી થશે.

## પશુઘાતકી પાનાની કલમ સાથે ગુનો નોંધી ત્રણ આરોપીઓની અટકાયત.

# રાજપીપળા નજીક મોવી ચોકડી પાસેથી ૧૬ભેંસો ભરેલી ટ્રક ઝડપી પાડતી રાજપીપળા પોલીસ



રાજપીપળા, તા.૧૩

નર્મદા જિલ્લામાં ગેરકાયદેસર મૂંગા પશુઓની અવરજવર ઉપર પોલીસ બાજ નજર રાખતા રાજપીપળા નજીક મોવી ચોકડી પાસેથી ૧૬ ભેંસો ભરેલી ટ્રક ઝડપી પાડી રાજપીપળા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે રાજપીપળા પોલીસ મથકમાં ફરિયાદી પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે. કે.પાઠકએ આરોપીઓ અલ્તાફરાજા ગુલમહંમદ શેખ (રહે, સેલંબા ), હસન અકબર સિંધી (રહે,વલાડ, તા. કરજણ જી.વડોદરા )તોસીફ ઉર્ફે જુબેર કલીમભાઈ ફકરી (રહે,સેલંબા જમાદાર ફળિયું ) સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત અનુસાર પીએસઆઈ કે પાઠક રાત્રી પેટ્રોલીંગ માં હતા તે સમયે મુવી ચોકડી પાસેથી પસાર થતી ટ્રક નંબર જીજે ૨૪ વી ૧૨૪૪ પસંદ કરતા પીએસઆઈ પાઠકે તેને અટકાવી તપાસ કરતા તેમાં ખીચોખીચ હાલતમાં ૧૬ ભેંસો ભરેલી હતી. આ બાબતે ટ્રકના ચાલક અલ્તાફરાજા ગુલમહંમદ શેખ,તોસીફ ઉર્ફે જુબેર કલીમભાઈ ફકરી બંને (રહે, સેલંબા ) તેમજ હસન અકબર સિંધી (રહે,વલાડ, તા. કરજણ જી.વડોદરા ) મેં ભેસો ક્યાં લઈ જાઓ છો આ બાબતે પૂછપરછ કરતાં પાસ પરમીટ પણ ન હોય અને સંતોષકારક જવાબ ન આપતા પીએસઆઇ પાઠકે અને તેમની ટીમે તપાસ કરતા તેમાં માટે ઘાસચારા તથા પાણીની સગવડ નહીં રાખી અને તાડપત્રી થી ઢાંકી હવા ઉજાસની સગવડ નહીં રાખી ટૂંકા દોરડાથી ચુસ્ત રીતે બાંધી પશુઓની હેરાફેરીનો આરટીઓના પાસ પરમીટ વગરનો વાહન ટ્રક સાથે રૂ .૧૦,૦૦,૦૦૦ તથા ભેંસો નંગ -૧૬ કિં. રૂ. ૬,૪૦,૦૦૦ અંગજડતી માં મળેલા મોબાઈલ નં. ૩ કિં. રૂ. ૧૦૫૦૦ મળી કુલ કિં. રૂ.૧૬૫૦૫૦૦ /- ના મુદ્દામાલ સાથે ત્રણેય ઈસમો અને ઝડપી તેમની વિરુદ્ધ પશુઘાતકી પણાની એક્ટ ૧૯૬૦ ની કલમ ૧૧ (ડી) (ઈ )(એચ ) તથા ગુજરાતના પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૭ ની કલમ ૬(એ )૬ (બી) મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જયોતિ જગતાપ,રાજપીપળા

## ગરીબ અને જરૂરિયાતમંદ લોકો વ્હારે આવતા છાપી ગામના સોહેલ ઉસ્માન નેદરીયા

# રેલ્વે લાઈનમાં મજુરી કરતાં પરપ્રાતિય લોકો અને ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતા લોકોને ધાબળા અને સ્વેટર નું વિતરણ કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠાના વડગામ તાલુકાના છાપી ગામના મુળ વતની અને હાલ માં મુંબઈ ખાતે રહેતા સોહેલ ઉસ્માન નેદરીયા એ માનવ સેવા એજ પ્રભુ સેવા ની ઉત્તમ કામગીરી કરતા લોકો ના દિલ માં એક આગવું સ્થાન મેળવેલ છે ગરીબ અને જરૂરિયાત મંદ લોકો ને લોકડાઉન થી લઈ અને આજ સુધી લોક સેવા કરી ગરીબ લોકોને જરૂરિયાત મુજબ રાસન કિટો,સોલાર લાઈટ અને ધાબળા આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું મુંબઈ મા નોકરી-ધંધાના કામ અર્થે રહેતા સોહેલ ઉસ્માન નેદરીયા એ લોકડાઉન થયું તે દિવસથી મનમાં એક વિચાર આવ્યો હતો કે કુદરતે તેમને જે આપ્યું છે તેમાંથી લોકોને કંઈક મદદરૂપ થાય તે માટે થઈ મુંબઈના ઘણા વિસ્તારોમાં પોતાના સ્વખર્ચે સેવાયજ્ઞ ચાલુ કરેલો જેને પોતાના ટ્વિટર અને સોસીયલ મીડિયા મારફતે લોકો સમક્ષ મૂકતા તેમના મિત્ર વર્તુળ તેમજ જુદા જુદા લોકો દ્વારા તેમની સરાહના કરી બીજા લોકો પણ આ માનવ સેવાના કામ માં જોડાવા લાગ્યા હતા જેમાં તેમના સાથી મિત્ર સીરીન અગ્રવાલ અને લીફ્ટ ટુ ગીફ્ટ ઓર્ગેનાઈજર દ્વારા તેમને મદદ પણ મળી હતી જેમના દ્વારા આજ દિન સુધીમાં ત્રણ હજાર કરતાં વધુ ગરીબ પરિવારોને રાસન કીટ આપવાનું સરાહનીય કામગીરી કરેલ છે તેમજ એક દિવસ પોતાના માદરે વતન છાપી માં પોતાની માટી નું રૂણ ચુકવવા માટે તેઓ દ્વારા આ સેવા છાપી ખાતે પણ ચાલુ કરવામાં આવી હતી જેમાં છાપી ની એક ઝુપડપટ્ટીમાં તેઓની મુલાકાત દરમિયાન તેઓએ જોયું હતું કે આ ઝુપડપટ્ટીમાં રાત્રી દરમ્યાન લાઈટ ન હોવાથી લોકોને બહુ મોટી હાલાકીનો સામનો કરવો પડે છે જેમને લઈ તેમના મિત્ર વર્તુળ માં અને પોતે સ્વૈચ્છીક પણ મદદ કરવા માટે આગળ આવ્યા હતા

અગાઉ છાપી અને હાઈવે વિસ્તારમાં આવેલ તમામ ઝૂંપડપટ્ટીઓમાં સોહેલભાઈ દ્વારા સોલાર લાઈટ વિતરણ કરવામાં આવી હતી હાલમાં શિયાળાની રૂતુ ચાલતી હોય જેથી ઠંડી નું પ્રમાણ વધુ હોય અને પોતાનું પેટીયુ રળવા માટે બીજા રાજ્યો માંથી મજુરી અર્થે આવેલા અને અહીં ના ઝુપડપટ્ટી માં વસવાટ કરતા ગરીબ પરીવારો સોહેલભાઈ દ્વારા આ ઠંડી થી રક્ષણ મેળવવા માટે ધાબળા અને સ્વેટર નું વિતરણ કરવામાં આવ્યું હતું હાલમાં રેલ્વે નું કામ ચાલી રહ્યું હોય જેથી જગાણા થી લઈ છેક તેનિવાડા ,કોટડી સુધી કામ કરતાં તમામ પરપ્રાતિય લોકોને ધાબળા અને સ્વેટર આપવામાં આવ્યા હતા.જે કામગીરીમાં છાપીના સોહેલ ઉસ્માન નેદરીયા, ઈલિયાસ નેદરીયા,અબ્દુલહક પટેલ,અને યુનુસ નેદરીયા મદદરૂપ થઇ અને આ માનવસેવા એજ પ્રભુ સેવા એજ પ્રભુ સેવાનુ સુત્ર ને સાર્થક કરી બતાવ્યું હતુ છાપી વિસ્તારના ઘણા ગરીબ અને વંચિત લોકો સુધી પણ સોહેબ ભાઈ નેદરીયા તેમજ તેમની છાપી ની ટીમ દ્વારા મદદરૂપ થઇ લોકોનાઆર્શિવાદ મેળવ્યા હતા બીજા લોકો પણ પોતાનાઆસપાસ રહેતા ગરીબ પરિવારો ને મદદરૂપ થાય અને બીજા લોકો પણ આવા સેવાયજ્ઞ કરી લોકોને મદદરૂપ થાય તેવી સોહેલભાઈ એ લોકોને હાકલકરી હતી...

## અરવલ્લી :લટકતી લાશ મળવાનો સિલસિલો યથાવત

# ટીંટોઇ નજીક ઝાડ સાથે ગળેફાંસો ખાધેલી હાલતમાં યુવકની લાશ મળી

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ગત વર્ષના પ્રથમ મહિનામાં સૌપ્રથમ સાયરા નજીક વડના ઝાડ સાથે યુવતીનો ઝાડ પર લટકતી હાલતમાં મૃતદેહ મળ્યા બાદ સતત ઝાડ સાથે કે પંખે લટકતી લાશો મળી આવવાનો સિલસિલો જોવા મળ્યો હતો ત્યારે વર્ષ-૨૦૨૦ નું પુનરાવર્તન થઇ રહ્યું હોય તેમ ૨૦૨૧ ના શરૂઆતના ૧૩ દિવસમાં એક સામુહિક આત્મહત્યામાં એક જ પરિવારની ચાર લાશ તળાવમાંથી મળી આવ્યા બાદ બુધવારે સવારે ટીંટોઈ નજીક ઈન્દીરાનગર વિસ્તાર નજીક ખેતરમાંથી અજાણ્યા યુવકની ઝાડ સાથે ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકતી લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી જીલ્લા પોલીસતંત્ર માટે પણ સતત મળી આવતા મૃતદેહો પડકારજનક સ્થિતિમાં મૂકી રહ્યા છે

જીંદગી અણમોલ છે જીવનમાં સુખ અને દુખ આવ્યા કરે છે. કેટલાક તબક્કામાં ભારે મુશ્કેલીઓનો સામનો પણ કરવાનો વખત આવતો હોય છે. પરંતુ દરેક સમસ્યાનું સમાધાન પણ ચોક્કસ હોય જ છે. જો કે હાલના તબક્કે લોકોની સહનશક્તિ પણ ઘટવા લાગી છે. પરિણામે સામાન્ય વાતમાં પણ નાસીપાસ થઈ આત્મહત્યા જેવું અંતિમ પગલું ભરી લેતાં લોકો વિચારતા નથી. છેલ્લા કેટલાક સમયથી આત્મહત્યાઓનું પ્રમાણ વધતાં બનાવોને લઈને લોકમાનસ પર ચિંતાના વાદળો ઘેરાયા છે જિલ્લામાં આત્મહત્યાઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે તે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે જીલ્લામાં બે જાન્યુઆરી થી અત્યાર સુધી ૫ લટકતા મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી છે

મોડાસાના ટીંટોઈના ઈન્દીરાનગર વિસ્તારના ખેતરમાંથી અજાણ્યા યુવકની ઝાડ સાથે ફાંસો લગાવલી હાલતમાં લાશ જોવા મળતા યુવકની હત્યા કે આત્મહત્યા અંગે અનેક સવાલો પેદા થયા હતા ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા સ્થાનિકોએ રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી યુવકની લાશને પીએમ માટે ખસેડી યુવકના પરિવારજનો અંગે શોધખોળ હાથધરી હતી

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર મૃતક યુવક ભિલોડા તાલુકાના હિંમતપુર ગામનો દિનેશ કાંતિભાઈ નીનામા હોવાનું જણાઈ આવ્યું છે યુવકના પરિવારજનોને આ અંગે જાણ કરવામાં આવી છે હાલ તો માનસિક બીમારી કે અગમ્ય કારણોસર ઝાડ સાથે આત્મહત્યા કરી લીધું હોવાનું પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે પરંતુ મૃતક યુવકની લાશનું પીએમ કર્યા બાદ હત્યાનું સાચું કારણ જાણી શકાશે તેવી માહિતી પ્રાપ્ત થઇ હતી

## માણાવદરની બજારોમાં પતંગ રસિયાઓ પતંગ ખરીદવા ઉમટી પડયા



મકરસંક્રાંતિના તહેવારે કોરોના મહામારી ને ભુલીને પતંગોત્સવ ઉજવવા પતંગરસિયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે. માણાવદર શહેરના પતંગોના વેપારીઓ દ્વારા બજારોમાં મંડપો નાખીને અવનવી પતંગો, બ્યુગલો, ફિરકીઓ, દોરાઓ,માસ્ક નું ધુમ વેચાણ થય રહ્યુ છે.

માણાવદરમાં પતંગોત્સવ ઉજવવા પતંગરસિયાઓ વહેલી સવારથી જ અગાશી ઉપર ચડીને ગીતો ની સુરાવલીઓ સાથે પતંગો ચગાવીને આનંદ ઉઠાવે છે. આ વર્ષે કોરોના મહામારી વચ્ચે પતંગોની ના ભાવમાં વધારો થયો છે છતા પણ લોકો પતંગો ની ખરીદી કરતા જોવા મળે છે માણાવદર શહેરમાં અત્યારથી જ આકાશમાં પતંગો ઉડવા લાગી છે પતંગ ના વેપારી રહીમભાઇ જણાવ્યું હતું કે આમો ચાઈનાની કોઈ પણ વસ્તુઓ નું વેચાણ કરતા નથી સરકાર ની ગાઇડલાઇન મુજબ દુકાને સોશ્યલ ડિસ્ટન્સ નું ચુસ્ત પાલન કરીએ છીએ તેમ જણાવ્યું હતું

તસ્વીર- અહેવાલ જીજ્ઞેશ પટેલ માણાવદર

## બોરિદ્રાના શિક્ષક દ્વારા એક અનોખી હરતી ફરતી ફળિયા શાળા.

# સ્કૂટર પર શિક્ષણના સામાન સાથે ઘરે ઘરે જઈને બાળકોને શિક્ષણ આપતા અનિલ મકવાણા.



રાજપીપળા,તા. ૧૩

શાળા બંધ છે શિક્ષણ નહિ ના બોર્ડ સાથે સ્કુટર પર શિક્ષણના સામાન સાથે ઘરે ઘરે જઈને બાળકોને શિક્ષણ આપતા અનિલ મકવાણા નર્મદા જિલ્લા માટે આદર્શ શિક્ષક સાચા અર્થમાં પુરવાર થયા છે. રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા એવા પુંધરા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અનિલ મકવાણા એ કોરોના કાળમાં છેલ્લા ૯ માસમાં બાળકોના શિક્ષણની ચિંતા કરી છે. બોડીદ્રા ના આ શિક્ષક દ્વારા નર્મદામાં અનોખી હરતી-ફરતી ફળિયા શાળા શરૂ કરી પોતાના સ્કૂટર પર શિક્ષણના સામાન સાથે ઘરે ઘરે જઈને બાળકોને બેલ વગાડી ને શિક્ષણ આપતા અનિલ મકવાણાનો બાળકોના શિક્ષણ માટે નો અનોખો પ્રવૃત્તિ દ્વારા સજાગ શિક્ષણનો નવતર પ્રયોગ વહેલી વિદ્યાર્થીઓમાં આવકારદાયક બન્યો છે. શિક્ષક અનિલભાઈ મકવાણા ઘણા સમય થી અલગ અલગ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને શિક્ષણ કરાવે છે. તેમણે બોરિદ્રા ગામમા એક અનોખો નવતર પ્રયોગ શરૂ કર્યો છે. પ્રવૃત્તિ દ્વારા સજાગ શિક્ષણ જેમાં પોતાની ટીવીએસ વીગો ટુવ્હીલર ગાડી ફળિયે ફળિયે લઈને જાય છે. જુદા જુદા પ્રકારના શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી ને બાળકોને ભણાવે છે. તેમજ આજે સ્વામી વિવેકાનંદ યુવા દિવસનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. બાળકોને ભણાવામા મજા પડે તે માટે જુદા જુદા પપેટ્સ, મોહરા અને જુદા જુદા પ્રકારના ટી.એલ .એમ દ્વારા સજાગ શિક્ષણ યજ્ઞ રૂપે ભણાવું છું. બાળકોની જ્ઞાન સાથે ગમ્મત મળે છે શાળાઓ બંધ હોવા છતાં બાળકોનું શિક્ષણ બગાડ્યું નથી ઘરે ઘરે જઈને કોવીડ ૧૯ અને ગાઇડલાઇન પ્રમાણે માસ્ક પહેરીને સોલ્યુશન સાથે શિક્ષણ અપાઈ રહ્યું છે જેને ગામલોકોએ સલાહભર્યુ છે.

રિપોર્ટ :જયોતિ જગતાપ,રાજપીપળા

## એસઓજી પોલીસ ત્રાટકી ૧૧૦ ફિરકી ઝડપી

# મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકી પાસે હંગામી પતંગ સ્ટોલ પર ચાઈનીઝ દોરી વેચાણ થતું હતું



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ચાઈનીઝ દોરી અને તુક્કલ પર પ્રતિબંધ હોવા છતાં ધૂમ વેચાણ થઇ રહ્યું છે પોલીસ એકલ દોકલ કેસ કરી ખાનાપૂર્તિ કામગીરી કરી રહી છે મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકીને અડીને પતંગ-દોરીના હંગામી સ્ટોલ પર ચાઈનીઝ દોરીનું ધૂમ વેચાણ થતું હોવાની બાતમી એસઓજી પોલીસને મળતા એસઓજી પોલીસે ત્રાટકી ચાઈનીઝ દોરીની ૧૧૦ ફીરીકી સાથે હંગામી સ્ટોલ ધારકની અટકાયત કરી જાહેરનામાં ભંગનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ચાર રસ્તા પોલીસ ચોકીની નજીક ચાઈનીઝ દોરીના વેચાણનો પર્દાફાશ કરતા ટાઉન પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે

અરવલ્લી એસઓજી ઈન્ચાર્જ પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે મોડાસા ચાર રસ્તા નજીક હંગામી સ્ટોલમાં બાતમીના આધારે રેડ કરી સ્ટોલની નીચે સંતાડી રાખેલ ચાઈનીઝ દોરીની ૧૧૦ ફીરકી કી.રૂ.૩૩૦૦૦/- નો જથ્થો જપ્ત કરી હંગામી સ્ટોલ ધારક સંજય રજાજી ચૌહાણ (રહે,સાયરા-મોડાસા) ની અટકયાત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

જીલ્લામાં કેટલાક પતંગ દોરીના વેપારીઓને જાણે તંત્રનો ડર જ ના હોય તેમ તંત્રના જાહેરનામાના લીરેલીરા ઉડાડતા હોય તેમ ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા હોવાથી આવા વેપારીઓ સામે જીલ્લા પોલિસ દ્વારા મકરસક્રાંતિ તહેવાર નિમિત્તે જાહેરનામાનો ભંગ કરતા શખ્શોને ચાઈનીઝ દોરીની ફીરકીઓ સાથે ઝડપી પાડતાં ગેરકાયદેસર દોરીનું વેચાણ કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

## નર્મદામાં વેકસીન વિતરણની કામગીરી પણ ખોરવાઇ ગઈ

# નર્મદા જિલ્લાના આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ બીજે દિવસે પણ ચાલુ રહી

### તમામ આરોગ્ય કર્મચારીઓએ રસી લેવાનો કે આપવાનો ઇનકાર કરતા કોરોના રસી,બર્ડફ્યુના સમયે જ આરોગ્ય વિભાગની હડતાલથી તંત્ર હરકતમાં આવ્યું



રાજપીપળા,તા.૧

નર્મદા જિલ્લાના ૪૦૦ જેટલા આરોગ્ય કર્મચારીઓ રસીકરણ પહેલાજ ગઇકાલથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જતા આજે બીજા દિવસે પણ આરોગ્ય કર્મચારીઓની આરોગ્ય સેવા ખોરવાઈ જવા પામ્યુ હતું. નર્મદાની તમામ આરોગ્ય વિભાગની કચેરીઓ કર્મચારીઓ વગરની ખાલીખમ જણાતી હતી.હડતાલનેકારણે રિજીયોનલ કક્ષાએથી નર્મદામાવેકસીન લાવવાની કામગીરી ખોરવાઈ ગઈ હતી.એટલુજ નહી રાજપીપળા સહીત નર્મદામા વેકસીન વિતરણની કામગીરી પણ ખોરવાઈ જવા પામી હતી જોકે તંત્રએવિકલ્પ સ્વરૂપે દરેક પીએચસી કક્ષાએ કરાર આધારીત એનએચએમના કર્મચારીઓને કામે લગાડ્યાહતા.

આ અંગે નર્મદાના આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ મીતેશ ભટટે જણાવ્યુ હત ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘના આદેશાનુસાર તેમની માંગણીઓ સરકારે સ્વીકારી ન હોવાથી નર્મદાના તમામ આરોગ્ય કર્મચારીઓ કોરોના રસી લેશે પણ નહી કે આપશે પણ નહી અને અચોક્કસ મુદત સુધી મારી હડતાલ ચાલુ રહેશે. એક તરફ કોરીના મહામારી સામે ચાલતી લડતને સફળ બનાવવા માટે આગામી તા. ૧૬ જાન્યુઆરીથી રસીકરણ શરુ થવાનું છે અને બર્ડ ફલ ની બિમારીએ દેખા દીધી છે. તેવા સમયે આરોગ્ય વિભાગના કર્મચારીઓની હડતાલનાએલાનથીતંત્ર હરકતમાં આવી ગયુ હતુ.આરોગ્ય વિભાગના લેબટેકનીશીયન, મેલ અને ફીમેલ હેલ્થ વર્કર, ફાર્મસી અને સ્ટાફ નર્સ સહીતના આરોગ્ય કર્મચારીઓની બીજે દિવસે પણ હડતાલ ચાલુ રહી હતી

તસવીર :જયોતિ જગતાપ,રાજપીપળા


# આડેધડ મેમાં ફાડી કરોડોની કમાણી કરતા પોલીસતંત્ર સામે અંતે યુવા વકીલો ઉતર્યા

કાયદાકીય રીતે ૧૦૦૦/ ૨૦૦૦/૫૦૦૦ ના દંડ તો ઠીક પણ ૫૦ રૂપિયા પણ વસુલવાની સત્તા પોલીસને છે જ નહિ, કાયદાકીય જોગવાઈઓ મુજબ માત્ર ને માત્ર કોર્ટ જ દંડ કરી શકે, પોલીસ જે મેમાં મોકલી ધાકધમકી ભર્યા ઉઘરાણા કરે છે તે સમાધાન શુલ્ક છે, કોર્ટમાં ના જવા બાબત.

કેમેરા લગાડવાનો ઉદેશ ગુનાખોરી ડામવાનો હતો એના બદલે માત્રને માત્ર કમાણી કરવાનો બનાવી નાખનાર તંત્ર વિરુદ્ધ બે યુવા એડવોકેટ મિત્રોએ અવાજ ઉઠાવ્યો છે. Kirit Nakum (98248 89939) y™u Hemansu Parekh (82384 17838)

રાજકોટમાં જેટલા લોકો આવા મેમાંને કારણે હેરાન થતા હોય તે આમનો સંપર્ક કરી અયોગ્ય દંડ સામે અવાજ ઉઠાવવામાં જોડાઈ જશો.

ઓવરલોડ ટેમ્પો, ઓવરલોડ રિક્ષાઓ, આડેધડ દબાણ કરતી રેકડીઓ, ખુદ પોલીસના જ વનવેમાં જતા વાહનો એવું કશું જ આ કેમેરા જોતા નથી, સામાન્ય લોકોને જ લુંટતી આ સીસ્ટમ સામે યુવા લોયર્સ એસોસિએશન પડ્યું છે. પોલીસ તંત્રે આજ સુધીમાં કેટલા પોલીસ, પત્રકાર, વકીલો કે મોટા અધિકારીઓના મેમો બનાવ્યા એક પણ નહિ. આવી લુંટ સામે જયારે એક પણ રાજકોય પક્ષ કશું બોલવા તૈયાર નથી ત્યારે કોઈ પણ જાતની નેતાગીરી કે પોલીટીકલ સપોર્ટ વિના આ યુવા વકીલો માત્રને માત્ર પ્રજાના હિત માટે આ લડાઈ આદરી છે ત્યારે એમને દિલથી અભિનંદન અને સપોર્ટ.(જીગર પંડ્યા.અશિવકતા.એડવોકેટ)




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK